અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ ચોથ | અંક : ૧૩૬ | અમદાવાદ | પાના : ૮


ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## સેન્સેક્સ ૯૬૯ના ઊછાળા સાથે ૭૧,૪૮૩ના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યો

### નિફ્ટી ૨૭૪ પોઈન્ટથી વધુના વધારા સાથે ૨૧૪૫૬ ના સ્તર પર બંધ થયો, ટીસીએસ, ઈન્ફોસિસ, એચસીએલઅને એસબીઆઈના શેરમાં જોરદાર ઉછાળો નોંધાયો

। મુંબઈ, તા.૧૫ ।

ભારતીય શેરબજારમાં તોફાની તેજીનો સમય ચાલુ છે. ગુરુવારના બમ્પર ઉછાળા પછી, શુક્રવારે બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટીમાં વધુ એક બમ્પર વધારો નોંધવામાં આવ્યો છે. બીએસઈસેન્સેક્સ ૯૬૯ પોઈન્ટથી વધુના વધારા સાથે ૭૧,૪૮૩ ના સ્તરે બંધ થયો છે જ્યારે નિફ્ટી ૨૭૪ પોઈન્ટથી વધુના વધારા સાથે ૨૧૪૫૬ ના સ્તર પર બંધ થયો છે. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં ૪.૫ ટકાનો વધારો નોંધાયો છે. નિફ્ટી બેંક ઈન્ડેક્સ એક ટકાના વધારા સાથે બંધ થયા જ્યારે મ્જીઈ સ્મોલ કેપ અને નિફ્ટી મિડકેપ ૧૦૦ નજીવા વધારા સાથે બંધ થયા.



શેરબજારમાં જે શેરોમાં બમ્પર ઉછાળો જોવા મળ્યો છે તેની વાત કરીએ તો ટીસીએસ, ઈન્ફોસિસ, એચસીએલઅને એસબીઆઈના શેરમાં ભારે ઉછાળો નોંધાયો છે. નેસ્લે ઈન્ડિયા, એચડીએફસી લાઈફ, એસબીઆઈ લાઈફ અને ભારતી એરટેલના શેર શેરબજારના ટોપ લુઝર્સમાં હતા.

મલ્ટિબેગર શેર્સની વાત કરીએ તો, ગુરુવાર-શુક્રવારે, સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે, કજરિયા સિરામિક્સ, કેમ્બાઉન્ડ કેમિકલ્સ, પીએનબી, વોકહાર્ટ લિમિટેડ, ઈન્ડિયન ઓઈલ, ડીપી વાયર્સ અને બંધન બેંકના શેરમાં વધારો નોંધાયો હતો. બ્રાન્ડ કોન્સેપ્ટ, ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, દેવયાની ઈન્ટરનેશનલ અને યુનિ પાર્ટ્સ ઈન્ડિયાના શેર પણ ઉછાળા સાથે બંધ થયા હતા, જ્યારે સ્ટોવ ક્રાફ્ટ, ઓમ ઈન્ફ્રા, કામધેનુ લિમિટેડ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, જિયો ફાઈનાન્શિયલ અને પટેલ એન્જિનિયરિંગના શેર નબળાઈ પર બંધ થયા હતા. શેરબજારમાં ગૌતમ અદાણી ગ્રૂપની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી પાંચના શેર વધ્યા હતા જ્યારે અદાણી વિલ્મર, અદાણી ટોટલ ગેસ, એસીસી અને એનડીટીવીના શેર નબળાઈ પર બંધ થયા હતા.

વિદેશી રોકાણકારો શેરબજારમાં જોરદાર ખરીદી કરી રહ્યા છે, જેના કારણે શેરબજાર સતત નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. અમેરિકાની સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વ દ્વારા બુધવારે સાંજે આવતા વર્ષે વ્યાજદરમાં ઘટાડો થવાની ધારણા બાદ ગુરુવાર અને શુક્રવારે ૨ દિવસમાં શેરબજારમાં લગભગ ૨૦૦૦ પોઈન્ટનો વધારો જોવા મળ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### બાંદાના મહિલા જજે સુપ્રીમ કોર્ટમાં ઈચ્છામૃત્યુની માગ કરી

। બાંદા, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના મહિલા સિવિલ જજે સુપ્રીમ કોર્ટ સમક્ષ ઈચ્છામૃત્યુની માગ કરી છે. જોકે આ મામલો સામે આવતાં જ ખળભળાટ મચી ગયો હતો. સોશિયલ મીડિયા પર પણ સનસનાટી ફેલાઈ ગઈ હતી અને પીડિતાનું નામ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડમાં આવી ગયું. મહિલા જજે સુપ્રીમ કોર્ટને પત્ર લખીને ઈચ્છામૃત્યુની પરવાનગી માંગી હતી.

### વારાણસીની એમપી એમએલએ કોર્ટે મુખ્તાર અંસારીને દોષિત ઠેરવ્યો

। વારાણસી, તા.૧૫ ।

માફિયા ડોન મુખ્તાર અંસારીની મુશ્કેલીઓ વધી રહી છે. વારાણસીની એમપી એમએલએકોર્ટે મુખ્તાર અંસારીને દોષિત ઠેરવ્યો છે. ધમકી આપવા મામલે એડિશનલ સિવિલ જજ સિનિયર ડિવિઝન (પ્રથમ) અને એમપી-એમએલએએ કોર્ટના પીઠાસીન અધિકારી ઉજ્જવલ ઉપાધ્યાયે આજે મુખ્તાર અંસારીને દોષિત ઠેરવ્યો છે.

**ભારતમાં કોવિડના કેસોમાં વધારો**

**કોવિડના નવા સબવેરિયન્ટ્સમાંના એક JN.1 એ અમેરિકાની ચિંતા વધારી છે, તેના કેસ કેરળમાં જોવા મળ્યા : ભારતમાં કોરોના સક્રિય કેસોની સંખ્યા ૯૩૮**

## અચાનક જ કોરોનાએ ફરી વધાર્યું ટેન્શન US બાદ ભારત પહોંચ્યો નવો વેરિયન્ટ

। નવી દિલ્હી, તા.૧૫ ।

કોવિડ-૧૯ વાયરસથી છુટકારો મેળવવાનો કોઈ સ્પષ્ટ રસ્તો નથી જોવા મળતો. સમય સમય પર તેના નવા વેરિયન્ટ સમગ્ર વિશ્વમાં દસ્તક આપી રહ્યાં છે. કોવિડના નવા સબવેરિયન્ટ્સમાંના એક JN.1 એ અમેરિકાની ચિંતા વધારી છે. હવે તેના કેસ ભારતના કેરળમાં પણ જોવા મળ્યા છે. બીજી તરફ યુએસ અન્ય નવા કોવિડ વેરિઅન્ટ HV.1 સામેની લડાઈ પણ ચાલી રહી છે. નિષ્ણાતો કહે છે કે, શિયાળાની સિઝનની શરૂઆત સાથે નવા કેસની સંખ્યામાં વધારો થઈ શકે છે. Covid-19 નવું સબવેરિયન્ટ JN.1, કોવિડ વેરિઅન્ટ પિરોલા અથવા BA.2.86નો એક ભાગ છે.

### વધતા જતા કેસોએ કેરળની આરોગ્ય સેવાની ચિંતા વધારી

કેરળમાં આ નવા સબવેરિયન્ટની ભારતીય SARS-CoV-2 જેનોમિક્સ કન્સોર્ટિયમ (INSACOG) દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. નેશનલ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) કોવિડ ટાસ્ક ફોર્સના વાઇસ પ્રેસિડેન્ટ ડો. રાજીવ જયદેવને જણાવ્યું હતું કે, ભારતમાં ખાસ કરીને કેરળમાં તાજેતરમાં કોવિડ-૧૯ કેસમાં થયેલા વધારાનું મુખ્ય પરિબળ JN.1 છે. કેરળમાં સૌથી વધુ ૭૬૮ નવા દર્દીઓ મળી આવતા ભારતમાં સક્રિય કેસોની સંખ્યા ૯૩૮ પર પહોંચી ગઈ છે. આ નવું વેરિઅન્ટ સૌપ્રથમ યુરોપમાં ઓગસ્ટ ૨૦૨૩માં જોવા મળ્યું હતું. નવા વેરિઅન્ટનો પહેલો કેસ લક્ઝમબર્ગમાં નોંધાયો હતો, ત્યારબાદ તે ઈંગ્લેન્ડ, આઈસલેન્ડ, ફ્રાન્સ થઈને અમેરિકા પહોંચ્યો હતો અને હવે ભારતમાં તેના કેસ જોવા મળ્યા છે. અમેરિકાના વૈજ્ઞાનિકોએ JN.1 વેરિઅન્ટને ખૂબ જ ખતરનાક ગણાવ્યું છે કારણ કે રસીની પણ તેના પર કોઈ અસર થતી નથી.

### યુએસના પ્રમુખપદે કેવી રીતે આવી શકે તેનો ઉત્તર

## હું એક હિન્દૂ જ છું હું મારી ઓળખમાં કોઈ બનાવટ નહીં જ કરુ : રામાસ્વામી

। ડેરામોનિસા, તા.૧૫ ।

સંયુક્ત રાજ્ય અમેરિકાના સ્થાપકોનો ધર્મ ખ્રિસ્તી ધર્મથી અલગ ધર્મ (હિન્દૂ ધર્મ) અનુસરનારા વિવેક રામાસ્વામી અમેરિકાના પ્રમુખપદે કઈ રીતે આવી શકે તેવો પ્રશ્ન સીએનએન પ્રેસિડેન્શીયલ હોલમાં જીની માઈકલે પૂછતાં તે ગોષ્ઠિમાં વિવેક રામાસ્વામીએ કહ્યું હતું કે, 'હું એક હિન્દૂ જ છું હું મારી ઓળખમાં કોઈ બનાવટ નહીં જ કરું અને અમેરિકાના પ્રમુખપદે આવીશ તો ખ્રિસ્તી ધર્મના પ્રચારનું કાર્ય નહી કરું પરંતુ હિન્દૂ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ બંનેના સિદ્ધાંતો સમાન જ છે એક સરખા પણ છે' 'મારો ધર્મ અમને દરેકને સમજાય છે કે, ઈશ્વરે આપણને સર્વેને એક નિશ્ચિત હેતુસર મોકલ્યા છે. તેથી આપણી નૈતિક ફરજ બની રહે છે કે, આપણે તે હેતુ પ્રમાણે કામ કરવું ઈશ્વર આપણામાં વિવિધ સ્વરૂપે કામ કરે છે.



## ન્યૂઝ બ્રિફ

### સુરેન્દ્રનગરના લીંબડીમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

। સુરેન્દ્રનગર, તા.૧૫ ।

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીમાં બંધ મકાનમાં તસ્કરોની ચોરીના સીસીટીવી સામે આવ્યા છે. ખારોવાસ વિસ્તારમાં બંધ મકાનમાં ચોરી થવાની ઘટના સામે આવી છે. ચોર એટલા રીઢા હતા કે આંખના ઝબકારામાં તો તેઓ લાખો રુપિયાની કિંમતના ઘરેણા અને રોકડ લઈને ફરાર થઈ ગયા હતા. ઘટના કઈક એવી છે કે લીંબડીમાં બંધ મકાનમાં તસ્કરો ઘૂસ્યા હતા. CCTVમાં જોવા મળી રહ્યુ છે કે તસ્કરો લોખંડની ગ્રી લગાવેલી દિવાલ પરથી કુદીને તસ્કરો ઘરમાં ઘુસી જાય છે. ચોરી ઘટના બાદ તપાસ કરતા ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત ૨.૫૦ લાખનો મુદ્દામાલ ગાયબ હોવાનિં સામે આવ્યું છે. પોલીસે CCTVના આધારે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

### જમ્મુ-તાવી એક્સપ્રેસમાંથી નીચે પટકાતા બાળકનું મોત

। મહેસાણા, તા.૧૫ ।

મહેસાણામાં ટ્રેનમાં મુસાફરી કરતા લોકો માટે લાલબત્તી સમાન ઘટના બની હતી. મળતી જાણકારી અનુસાર, મહેસાણામાં પૂરઝડપે જઈ રહેલી જમ્મુ તાવી એક્સપ્રેસ ટ્રેનમાંથી ૧૦ વર્ષનો બાળક નીચે પટકાતા તેનું મોત થયું હતું. ડાંગરવા સ્ટેશન નજીક ચાલુ ટ્રેને ૧૦ વર્ષનો રણવીરસિંહ નીચે પટકાતા મોતને ભેટ્યો હતો. આ મામલે મહેસાણા પોલીસે અકસ્માતે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી અમદાવાદમાં રહેતો ૧૦ વર્ષીય રણવીરસિંહ પરિવાર સાથે મહેસાણાથી અમદાવાદ તરફ જમ્મુ તાવી એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યારે તે મુસાફરી દરમિયાન ટોઈલેટ જઈ રહ્યો હતો, ત્યારે ડાંગરવા સ્ટેશન નજીક અચાનક તે ટ્રેનની બહાર ફેંકાઈ ગયો હતો. ઘટના બાદ ટ્રેનને રોકવામાં આવી હતી પરંતુ રણવીરસિંહ ગંભીર હાલતમાં મળી આવ્યો હતો. તેને તાત્કાલિક સારવાર માટે અમદાવાદની હોસ્પિટલમાં પણ ખસેડાયો હતો. જો કે સારવાર દરમિયાન તેને મૃત જાહેર કરાયો હતો. અમદાવાદ અને મુંબઈ વચ્ચે મુસાફરી કરતા લોકો માટે સારા સમાચાર આવ્યા છે. હવે અમદાવાદથી મુંબઈ બે કલાક વહેલા પહોંચી શકાશે. અમદાવાદ-મુંબઈ વચ્ચે ૧૬૦ કિમી ઝડપે ટ્રેન દોડશે. માર્ચ ૨૦૨૪થી ટ્રેનની શરૂઆત થાય તેવી સંભાવના છે. ૩ હજાર ૯૫૦ પ્રોજેક્ટની ૯૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. માર્ચ ૨૦૨૪થી અમદાવાદથી મુંબઈ શતાબ્દી, વંદે ભારત જેવી ટ્રેનમાં બે કલાક વહેલા પહોંચી શકાશે. પ્રીમિયમ ટ્રેનમાં હાલ અમદાવાદ-મુંબઈનું ૫૨૪ કિલોમીટરનું અંતર ૬થી ૮ કલાકનો સમય લાગે છે. પરંતુ માર્ચ ૨૦૨૪થી ૪થી ૬ કલાકમાં અમદાવાદથી મુંબઈ પહોંચી શકાશે જેના કારણે મુસાફરોના બે કલાક બચશે. પ્રશ્ચિમ રેલવે મુંબઈથી નાગડા અને વડોદરાથી અમદાવાદ એમ બે કોરિડોરમાં ત્રણ હજાર ૯૫૦ કરોડના ખર્ચે કામગીરી ચાલી રહી છે.


# ન્યૂજર્સી ખાતે પ્રણવ પટેલની ફ્લોરિડાની પોલીસે કરી ધરપકડ

## અમેરિકન સિટીઝન્સને ફોન કરી જેલભેગા કરવાની ધમકી આપીને તેમની પાસેથી મોટી રકમ પડાવાતી હતી

। અમદાવાદ, તા.૧૫ ।

અમેરિકાના લોકોને ડરાવી-ધમકાવીને તેમની પાસેથી લાખો ડોલર પડાવવાના એક કૌભાંડમાં કથિત સંડોવણી બદલ મૂળ ગુજરાતી એવા પ્રણવ પટેલ નામના એક ૩૨ વર્ષીય યુવકની ધરપકડ કરવામાં આવી છે. પ્રણવ પટેલ નામનો આ વ્યક્તિ મૂળ ન્યૂજર્સીનો રહેવાસી છે, જેના પર ફેડરલ વાયર ફ્રોડ ચાર્જ લગાવવામાં આવ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, આ કાંડમાં સામેલ પ્રણવ પટેલ અમેરિકામાં અલગ-અલગ જગ્યાએ જઈને વિક્ટિમ્સ પાસેથી કેશ તેમજ ગોલ્ડ કલેક્ટ કરવાનું કામ કરતો હતો. પ્રણવ ન્યૂજર્સીથી ફ્લોરિડા આ કામ માટે આવ્યો હતો, અને તે એક મહિલા પાસેથી પૈસા કલેક્ટ કરીને જઈ રહ્યો હતો ત્યારે જ પોલીસે તેને પકડી લીધો હતો. પ્રણવ પટેલ સામે જે મામલામાં સંડોવાયેલો હોવાનો આરોપ છે તેમાં ફ્લોરિડાની બે મહિલા પાસેથી કુલ ૯ લાખ ડોલર જેટલી રકમ પડાવવામાં આવી હતી. આ બંને મહિલાઓની સાથે ફ્રોડ કરનારા લોકોએ પોતાની ઓળખ યુએસ ડિપાર્ટમેન્ડ ઓફ ટ્રેઝરીના ઓફિસર તરીકે આપીને તેમની સામે મની લોન્ડરિંગના ચાર્જમાં અરેસ્ટ વોરન્ટ ઈશ્યૂ થયું છે તેવું કહીને ડરાવી હતી, અને આ વોરન્ટ કેન્સલ કરાવવાના નામે તેમની પાસેથી મસમોટી રકમ પડાવાઈ હતી.

અમેરિકન મીડિયાના રિપોર્ટ અનુસાર, આ કૌભાંડનો શિકાર બનેલી ફ્લોરિડાની મહિલાને પહેલા તો પોતાની ઓળખ એડવર્ડ રોબર્ટ્સ તરીકે આપનારા એક વ્યક્તિ સાથે વાત થઈ હતી, અને પછી એલ્વારો બેડન નામના એક વ્યક્તિએ તેને પોતાની ઓળખ ફેડરલ ટ્રેડ કમિશનના લૉયર તરીકે આપીને તેની જોડે વાત કરી હતી. ફ્લોરિડાના હિલ્સબોરો કાઉન્ટીમાં આવેલા રસ્કીનમાં રહેતી આ મહિલાને ત્યારબાદ એવું કહેવામાં



આવ્યું હતું કે તેની સામે વોરન્ટ નીકળ્યું છે, અને જો તેને ધરપકડથી બચવું હોય તો તેણે પોતાના બેક્ર અકાઉન્ટમાં જમા પડેલી તમામ રકમ વીડ્રો કરીને તેને ટ્રેઝરી એજન્ટને આપી દેવી પડશે. આ ધમકી મળ્યા બાદ વિક્ટિમે તેના બેંક ઓફ અમેરિકાના અકાઉન્ટમાંથી ૨૦ હજાર ડોલર વિડ્રો કર્યા હતા, અને કેશનો ફોટોગ્રાફ અને રિસિપ્ટ પોતાની સાથે વાત કરનારાને મોકલી આપ્યા હતા. ત્યારબાદ આ મહિલાને એક ફોન આવ્યો હતો, જેમાં તેને જણાવાયું હતું કે તેના ઘરની પાસે ચોક્કસ સમયે એક કાર આવશે, જેની પાછળની સીટમાં તેને આ કેશ મૂકી દેવાની રહેશે. જે વ્યક્તિ આ મહિલા પાસેથી કેશ કલેક્ટ કરવા આવ્યો હતો તે ના તો કારની બહાર આવ્યો હતો કે ના તો તેણે તેની સાથે કોઈ વાત કરી હતી. આ ઘટનાના થોડા દિવસ બાદ વિક્ટિમે તેના મિડ અમેરિકા બેંકના સેવિંગ્સ અકાઉન્ટમાંથી બીજા ૨૦ હજાર ડોલર ઉપાડીને આ જ અનુસાર કોઈ કારવાળાને આપ્યા હતા. જોકે, ૪૦ હજાર ડોલર મળ્યા બાદ પણ આ મહિલા પાસેથી ઉઘરાણી ચાલુ રાખવામાં આવી હતી, અને તેણે અરેસ્ટથી બચવા પોતાની લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસી પણ ક્લોઝ કરાવીને તેના પૈસા પોતાને લૂંટી રહેલા વ્યક્તિના કહ્યા અનુસાર એક નવું બેંક અકાઉન્ટ ખોલાવી તેમાં જમા કરાવ્યા હતા.

ત્યારબાદ આ મહિલા પાસેથી ગોલ્ડની ખરીદી કરાવવામાં આવી હતી, જોકે આ વખતે તેણે પોલીસને આ ઘટનાની જાણ કરી દીધી હતી અને ૩૦ નવેમ્બરે તેણે ૨૭ હજાર ડોલરના ગોલ્ડ કોઈન્સ અને બાર્સ ફોન કરનારા વ્યક્તિએ કહ્યા અનુસાર એક ગાડીવાળાને આપવાના હતા. ૩૦ નવેમ્બરે વિક્ટિમ પાસેથી ગોલ્ડ કલેક્ટ થવાનું હતું, પરંતુ આ પ્લાન છેલ્લી ઘડીએ ચેન્જ કરીને વિક્ટિમને ૬ ડિસેમ્બરની તારીખ આપવામાં આવી હતી. આ દરમિયાન ફ્લોરિડાની જ બીજી એક મહિલા સાથે પણ આ રીતે ઠગાઈ થઈ હોવાની પોલીસને ફરિયાદ મળી હતી, અને આ મહિલા પાસેથી કુલ ૭.૩૨ લાખ ડોલર પડાવવામાં આવ્યા હતા.



ઘાટલોડિયા નૂતન સ્કૂલમાં વિદ્યાર્થી દ્વારા એજ્યુકેશન અને કલ્ચર એક્ઝિબિશન યોજાયું હતું.

### માવઠાની બેથી વધુ સિસ્ટમ રચાઈ શકે છે

# વાતાવરણમાં પલટાની સાથે જ ગુજરાતમાં માવઠાની સંભાવના

## માવઠાની અસર ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાંથી પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપશ્ચિમ ભાગમાં થવાની શક્યતા

। અમદાવાદ, તા.૧૫ ।

હાલ શિયાળાની સિઝન ચાલી રહી છે. ધીરે ધીરે તાપમાનનો પારો ગગડી રહ્યો છે. જોકે, આ તારીખથી તો ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી પડવાનો સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આ અંગે જણાવાયું છેકે, નબળા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને અલ નીનોના કારણે જોઈએ તેવી ઠંડી પડતી નથી.

હવામાન વિભાગે જણાવ્યું છેકે, અલ નીનોની અસરના કારણે સમુદ્રનું પાણી પણ ગરમ રહેતું હતું. જેના કારણે બંગાળના ઉપ સાગરમાં ભારે ચક્રવાત થવામાં હતા અને અરબ સાગરમાં પણ હલચલ થવામાં હતી. ગાત્રો થીજવતી ઠંડી અંગે જોઈએ તો ૨૨-૨૩ ડિસેમ્બરમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ટોચના ભાગમાં ભારે હિમવર્ષા થતા ગુજરાતના ભાગોમાં પણ ગાત્રો થીજવતી ઠંડી પડી શકે છે. ડિસેમ્બરનું અંતિમ સપ્તાહ પણ હવામાન પલ્ટાવાળું રહે અને વાદળવાયું, માવઠા જેવું રહશે. જાન્યુઆરી માસ પણ ઠંડો રહેશે તેમ અંબાલાલ પટેલે જણાવ્યું છે. સામાન્ય રીતે અરબ સાગરમાં ડિસેમ્બરમાં ક્યારેક જ સાયકલોન બને છે. ૧૮૯૧થી ૧૯૬૦ સુધીમાં જોઈએ તો ડિસેમ્બર માસમાં અરબ સાગરમાં ત્રણ ચક્રવાત બન્યા હતા જેમાંથી એક જ મજબૂત હતું. વળી અલ નીનોના કારણે પણ ઠંડી ઓછી રહી હોય તેવું જણાય છે. ડિસેમ્બરમાં પશ્ચિમી વિક્ષેપ રહેશે. ચરોતરમાં શિયાળુઋતુ ધીરે-ધીરે મધ્યાવસ્થા તરફ ગતિ કરી રહી હોઈ સમયાંતરે ઠંડીમાં વધારા-ઘટાડાની સ્થિતિ સર્જાતી રહે છે. જોકે ઠંડીની ઋતુ છતા સર્જાતી જુદી-જુદી સિસ્ટમોને લઈને વાતાવરણમા પલ્ટો આવીને કમોસમી વરસાદની સ્થિતિ સર્જાતી રહે છે. ત્યારે આણંદ-ખેડા જિલ્લામા ચાલુ માસમાં માવઠાની બેથી વધુ સિસ્ટમ રચાવાની શક્યતાઓ હવામાન તજજ્ઞોએ વ્યક્ત હૂરી છે. જોકે માવઠાની આગાહી ખેડૂતો માટે ચિંતનો વિષય બની છે.

વિક્ષેપની અસર હેઠળ પાકિસ્તાનમાં વાદળો આવ્યા હોય તેમ જણાય છે અને ધીરે ધીરે તા.૧૬થી ૧૮માં ઉત્તર ભારતના ભાગોમાં



આવવાની શક્યતા રહેશે. આથી તા.૧૯ થી ૧૮માં ગુજરાતમાં વાદળો આવી શકે. પરંતુ પશ્ચિમી વિક્ષેષમાં ઘણી ઉંચાઈએ ભેજ હોવો જોઈએ. માત્ર નીચે ભેજ હોય તો ઠંડક વળતા ધુમ્મસ જ થાય છે. હવે ધીરે પીરે એક પછી એક હલકા ભારે પશ્ચિમી વિક્ષેપ આવશે. આ પશ્ચિમી વિક્ષેપની અસર હેઠળ તા.૧૬ થી ૧૮માં હવામાન પલટાય અને તા.૨૩મી ડિસેમ્બર સુધીમાં નાતાલ પૂર્વે માવઠું થવાની શક્યતા રહે. આ માવઠાની અસર દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાંથી પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પશ્ચિમ ભાગ અને છેક ગુજરાતના ભાગ સુધી અસર થવાની શક્યતા રહેશે.

આ વખતે અરબ સાગરનો ભેજ પણ મળે અને પશ્ચિમી વિક્ષેપની અસર તળે આ ભેજ ભળી જતા ગુજરાતના ભાગો સુધીમાં માવઠું થવાની શક્યતા રહે. ઉત્તર ભારતના ભાગોમાં કમોસમી વરસાદ ગાજવીજ અને કરાં સાથે પડવાની શક્યતા રહે. ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં પણ હવામાનમાં પલટો આવે. દક્ષિણ ચીન તરફ ચક્રવાતોના કારણે ચીનની બાજુમાં ચક્રવાતોનું નામ અલગ ગણાય છે પણ આ ચક્રવાતના અવશેષ બંગાળના ઉપસાગરમાં આવતા બંગાળના ઉપસાગરમાં હલચલ જોવા મળે.

# ચીનમાં બાળકોમાં ફેલાયેલા રોગને લઈને ગુજરાતમાં એલર્ટ

## હોસ્પિટલોમાં એન્ટી વાયરલ દવા, વેન્ટીલેટર, પીપીટી કીટ, ઓક્સિજન સહિત બેડ તૈયાર છે તેની ચકાસણી થશે

। અમદાવાદ, તા.૧૫ ।

ચીનમાં બાળકોમાં ફેલાયલ ઈન્ફ્લુએન્ઝા, માઈકોપ્લાઝમા ન્યૂમોનિયાના વધતા કેસને લઈને ગુજરાતમાં પણ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આ બીમારી ન વકરે તે માટે આરોગ્ય વિભાગ સતર્ક થયું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ગુજરાત સરકારને એલર્ટ રહેવા સૂચના આપી છે. એટલુ જ નહીં જો આ રોગચાળો વકરે તો દર્દીઓને તાકીદે સારવાર મળી રહે તે માટે ગુજરાતની તમામ સરકારી હોસ્પિટલોમાં ૧૯ ડિસેમ્બરે મોકડ્રીલ યોજાશે. મોકડ્રીલ દરમિયાન જ હોસ્પિટલોમાં એન્ટી વાયરલ દવા, વેન્ટીલેટર, પીપીટી કીટ, ટેસ્ટીંગ કીટ ઉપરાંત ઓક્સિજન સહિત બેડ તૈયાર છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. રાજ્ય આરોગ્ય વિભાગની સૂચના બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વિન્ટિલેટર સાથે ૩૦૦ બેડનો ખાસ આઈસોલેશન વોર્ડ પણ તૈયાર કરવામાં આવ્યો છે. સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ આ વર્ષ ચીન માટે ઘણું ખરાબ રહ્યું છે. ચીનને કોરોનાથી થોડી રાહત મળી હતી ત્યારે હવે એક નવી મુસીબત તેમના પર ખતરો ઉભી કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ચીનમાં બાળકોમાં શ્વાસ સંબંધી રોગોમાં અચાનક વધારો થયો છે. ૧૩ નવેમ્બરે ચીનમાં અજાણ્યા ન્યુમોનિયાનો પહેલો કેસ નોંધાયો હતો. હવે સ્થિતિ એવી છે કે દરરોજ સરેરાશ ૧,૨૦૦ દર્દીઓ દાખલ થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ચીન ન્યુમોનિયાના કેસ વધવાથી પરેશાન છે. ચીન સિવાય વિશ્વના કેટલાક અન્ય દેશોમાં પણ તેના કેસ જોવા મળ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારતમાં પણ ન્યુમોનિયાના ૭ કેસ મળી આવ્યા છે, જો કે આ દાવાઓને ખુદ ભારત સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયે નકારી કાઢ્યા છે. આવો જાણીએ શું છે આ રોગ અને તેના લક્ષણો. જો કે ન્યુમોનિયા સામાન્ય છે, ચીનમાં આ દિવસોમાં તેના વિશે હોબાળો છે. જ્યારે એક અથવા બંને ફેફસામાં ચેપ લાગે છે, ત્યારે તેને ન્યુમોનિયા કહેવામાં આવે છે. જેના કારણે ફેફસામાં સોજો આવી જાય છે અને ફેફસામાં પ્રવાહી કે પરુ ઉત્પન્ન થાય છે. ફેફસામાં દુખાવાના કારણે શ્વાસ લેવામાં તકલીફ થાય છે. આ અમુક ચેપને કારણે થાય છે. જો કે મોટાભાગના કિસ્સાઓમાં લોકો થોડા દિવસોમાં સ્વસ્થ થઈ જાય છે, પરંતુ કેટલીકવાર તે ખૂબ ગંભીર બની જાય છે.

## વિશેષ

### સંકલ્પ યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ

# વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઓલપાડ તાલુકાના કમરોલી ગામે આવી પહોંચેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું ભવ્ય સ્વાગત

કેન્દ્ર સરકાર અને રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના ગ્રામજનો સુધી પહોંચે તેવા આશયથી સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કમરોલી ગામ ખાતે વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' યોજાઈ હતી. સંકલ્પ યાત્રા રથનું ભવ્ય સ્વાગત કરી ગ્રામજનોએ વિકસિત ભારતની પ્રતિજ્ઞા લીધી હતી.સરકારની યોજનાના પ્રદર્શન સ્ટોલ દ્વારા નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જણકારી તેમજ નવા લાભાર્થીઓની નોંધણી કરવામાં આવી હતી.



રાજ્યમંત્રીશ્રીના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાયું હતું. લાભાર્થીઓ સાથે રાજ્યમંત્રીશ્રીએ સંવાદ સાધી યોજનાઓનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ યાત્રાના માધ્યમથી સરકારની પ્રજાલક્ષી યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડવા સરકાર કટિબદ્ધ છે. યાત્રાના રથ થકી જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરાઈ રહ્યા છે. લોકોના જીવન બદલવાનું અને જીવન ધોરણ સુધારવાનું કાર્ય એ વિકસિત ભારત યાત્રાનું લક્ષ્ય છે. ઓલપાડ તાલુકામાં ૧૨ હજારથી વધુ ગંગાસ્વરૂપ મહિલાઓને માસિક રૂ.૧૨૫૦ ની સહાય અપાવવાનું સરાહનીય કાર્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબી રેખામાં જીવન જીવતા લોકોની ચિંતા કરી છે.૧૮૦થી વધુ યોજનાઓ નાગરિકો માટે અમલી બનાવી છેવાડાના ગામો સુધી યોજનાઓ પહોચે એવા પ્રયત્ન હાથ ધરવામાં આવી રહ્યાં છે.ઓલપાડ વિધાનસભામાં ૫ લાખથી વધુ લોકોએ સરકારની વિવિધ યોજનનો લાભ લીધો છે.જેમાં ઓલપાડ તાલુકાના કમરોલી ગામમાં ૧,૬૯૫ લોકોએ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનનો લાભ લીધો છે. ઉપરાંત,કમરોલી ગામમાં ૮૦૫ આયુષમાન ભારતકાર્ડ, ૮૧ ગંગાસ્વરૂપા,૩૨૯ કિસાનોને કિસાન સન્માન નિધિ,૧૯ ઉજ્જ્વલ્લા યોજનાનો લાભ અપાયો છે, જે સરાહનીય છે.

આ અવસરે તાલુકા પંચાયત પ્રમુખ નિતાબેન પટેલએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે, ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં આત્મ નિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનવવાના સપનાને સાકાર કરવા માટે સરકાર કટિબદ્ધ છે. છેવાડાના ગરીબ,મધ્યમ વર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશા પ્રયત્નશીલ રહી છે.સરકારની યોજનાઓ આપણા માટે જ છે જેનો દરેક લોકોએ લાભ લેવો જોઈએ,તમામ લોકોને આ સંકલ્પ રથ વિશે માહિતી આપી સરકારની વિવિધ યોજનાનો લાભ અન્ય લોકોને અપાવવો જોઈએ એમ કહી વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં જોડાઈને લાભ લેવા માટે અપીલ કરી હતી.આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી હાર્દિકભાઈ ગઢવી,તાલુકા પંચાયત કારોબારી ચેરમેનશ્રી જયેશભાઈ પટેલ,સામજિક ન્યાય સમિતિ ચેરમેનશ્રી હેમુભાઈ પાઠક, જિલ્લા પંચાયત સભ્યશ્રી કરિશ્માબેન રાઠોડ,તાલુકા સંગઠન પ્રમુખ બ્રિજેશભાઈ પટેલ, તાલુકા સંગઠન મહામંત્રીશ્રી કુલદીપભાઈ,જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ,તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, સરપંચશ્રી, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યુઝ બોક્ષ




### મહેન્દ્રસિંહ ધોનીના સન્માનમાં સાત નંબરની જર્સી રિટાયર્ડ

। નવી દિલ્હી, તા.૧૫ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ પૂર્વ ભારતીય સફળ કેપ્ટન ધોનીના સ્નમાનમાં તેની ૭ નંબરની જર્સીને રિટાર્યડ કરવાનો નિર્ણય કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આ પહેલા પૂર્વ ક્રિકેટર સચિનની જર્સીને રિટાર્યડ કરી હતી. બીસીસીઆઈએ ભારતીના પૂર્વ સફળ કેપ્ટન એમએસધોનીને વધુ એક સન્માન આપતા મોટો નિર્ણય કર્યો છે જેમાં બોર્ડ હેવે તેની ૭ નંબરની જર્સીને રિટાર્યડ કરી દીધી છે. હવે બીજા કોઈ પ્લેયર ૭ નંબરની જર્સીમાં જોવા મળશે નહીં. ધોનીના ભારતીય ક્રિકેટ ટીમ માટે મહાન કાર્યને ધ્યાનમાં રાખી બોર્ડે આ નિર્ણય કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ભારતીય ટીમે માત્ર ધોનીની કેપ્ટનશીપ હેઠળ જ ત્રણ આઈસીસીટ્રોફી જીતી છે જેમાં ૨૦૦૭ ટી૨૦ વર્લ્ડ કપ, ૨૦૧૧ વર્લ્ડ કપ અને ૨૦૧૩ ચેમ્પિયન્સ ટ્રોફીનો સમાવેશ થાય છે આ ઉપરાંત તેની કેપ્ટનશીપ માં ભારતીય ટીમે અનેક સીરિઝ પણ જીતી હતી.



### પાકિસ્તાનના ક્રિકેટરનો એક એવો રેકોર્ડ, જે ૪૭ વર્ષ બાદ તૂટી શક્યો નથી

। નવી દિલ્હી, તા.૧૫ ।

કહેવામાં આવે છે કે રેકોર્ડ બનવા માટે તૂટે છે પરંતુ ક્રિકેટનો એક એવો રેકોર્ડ છે જે ચાર દાયકા બાદ પણ તૂટી શક્યો નહીં. આ રેકોર્ડ છે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી નાની ઉંમરમાં બેવડી સદી ફટકારવાનો. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઓછી ઉંમરમાં ડબલ સેન્ચુરી બનાવવાનો રેકોર્ડ પાકિસ્તાનના સ્ટાર બેટર જાવેદ મિયાંદાદના નામ પર છે, જેણે વર્ષ ૧૯૭૬માં ૧૯ વર્ષ ૧૪૦ દિવસની ઉંમરમાં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ કરાચીમાં બેવડી સદી ફટકારી હતી. મેચમાં મિયાંદાદે ૨૯ ચોગ્ગા અને બે સિક્સની મદદથી ૨૦૬ રન બનાવ્યા હતા. ૧૯૭૬થી ક્રિકેટ લાંબી સફર કાપી ૨૦૨૩માં પહોંચી ગયું છે પરંતુ મિયાંદાદનો રેકોર્ડ હજુ સુધી કોઈ બેટર તોડી શક્યા નથી. મિયાંદાદે વેસ્ટ ઈન્ડિઝના જોર્જ હેડલી (George Headley)નો રેકોર્ડ તોડી આ સિદ્ધિ પોતાના નામે કરી હતી. મિયાંદાદ પહેલા જોર્જ હેડલી ટેસ્ટમાં સૌથી નાની ઉંમરે સદી ફટકારનાર બેટર હતા.



### સુરક્ષામાં ચૂક મામલે અમિત શાહ જવાબ આપશે : ગિરિરાજ

। નવી દિલ્હી, તા.૧૫ ।

સંસદની સુરક્ષામાં ચૂક મામલે બંને ગૃહોમાં જોરદાર હોબાળા વચ્ચે વિપક્ષે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માગ કરી હતી. આ અંગે કેન્દ્રીય મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા ગિરિરાજ સિંહે કહ્યું કે સમય આવવા દો, તે દરેક સવાલનો જવાબ આપશે. વિપક્ષના લોકો તો સંસદને જ ગીરવે મૂકી દેવા માગે છે. તેમણે સોશિયલ મીડિયા પર ટ્વિટ કરતાં લખ્યું કે ટુકડે ટુકડે ગેંગ ગૃહમંત્રી પાસે જવાબ માગે છે. તપાસ પૂરી થવા દો, તમને જડબાતોડ જવાબ મળશે. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને ટીએમસી સંસદને ચાલવા દેવા માગતા નથી. આ ટૂલકીટ છે. બધું સત્ય સામે આવશે. સમય આવવાનો ગૃહમંત્રી તમામ સવાલોના જવાબ આપશે. આતંકવાદી અને ઉગ્રવાદીઓની કોઈ જાતિ નથી હોતી.

### શિલ્પકારોએ બનાવી ભગવાન રામની મનમોહક મૂર્તિ

# રામ મંદિર માટે મૂર્તિઓ બનાવવામાં મુસ્લિમ કારીગરોનું પણ યોગદાન છે

**પશ્ચિમ બંગાળના મુસ્લિમ કારીગરોએ ફાઈબરની પ્રતિમાઓ તૈયાર કરી છે જેને અયોધ્યા મોકલવામાં આવશે**

। લખનૌ, તા.૧૫ ।

અયોધ્યામાં ભવ્ય રામ મંદિર બની રહ્યું છે અને હવે તેની પ્રાણ પ્રતિષ્ઠાનો દિવસ પણ નજીક આવી રહ્યો છે ત્યારે તેના નિર્માણમાં દરેક ધર્મના લોકોની ભાગીદારી છે. પશ્ચિમ બંગાળના બે મુસ્લિમ શિલ્પ કારો પણ આ મંદિર માટે ભગવાન રામની પ્રતિમા બનાવીને યોગદાન આપી રહ્યા છે. આ પ્રતિમાને મંદિરના ઉદઘાટન સમારોહ માટે મોકલવામાં આવશે. પ. બંગાળના ૨૪ પરગણા જિલ્લાના મુસ્લિમ શિલ્પીઓએ આ માટે પોતાની કળા દ્વારા યોગદાન આપ્યું છે. મંદિરના કોમ્પ્લેક્સમાં ભાવિકોને શ્રી રામની સુંદર મૂર્તિઓ જોવા મળશે જેને મોહમ્મદ જમાલુદ્દીન અને તેના પુત્ર બિટ્ટુ દ્વારા તૈયાર કરવામાં આવેલી છે. આ પિતાપુત્રની જોડી ઘણા સમયથી મૂર્તિઓનું નિર્માણ કરે છે અને ઓનલાઈન તેમની કારીગરી પર કેટલાક લોકોની નજર ગઈ હતી. ત્યાર પછી તેમને અયોધ્યાથી ઓર્ડર મળ્યો હતો. મોહમ્મદ જમાલુદ્દીન અને તેમનો પુત્ર ઘણા વર્ષોથી આ કામ સાથે સંકળાયેલા છે તેથી આસપાસના વિસ્તારોમાં તેમની નામના છે. આ કારણથી જ આટલા મહત્ત્વના પ્રોજેક્ટમાં પણ તેમને સામેલ કરવામાં આવ્યા છે. દેવી -દેવતાઓની



મૂર્તિ બનાવવાની વાત આવે ત્યારે માટી કરતા ફાઈબરની મૂર્તિ બનાવવી વધારે મોંઘી પડે છે. પરંતુ તે વધુ ટકાઉ હોય છે અને ખરાબ વાતાવરણ કે હવામાનમાં પણ ટકી શકે છે. તેથી આઉટડોરમાં જ્યારે પ્રતિમાઓ ગોઠવવાની હોય ત્યારે ફાઈબરની પ્રતિમા વધારે પસંદ કરવામાં આવે છે. તેઓ કહે છે કે લાઈફ સાઈઝની પ્રતિમા બનાવવાનો ખર્ચ લગભગ ૨.૮૦ લાખ રૂપિયા આવે છે પરંતુ આ રકમ બહુ વધારે ન કહેવાય કારણ કે તેમાં બહુ ઉચ્ચ કારીગરીની જરૂર પડે છે અને ઘણી મહેનત લાગે છે. પોતે મુસ્લિમ હોવા છતાં આ પ્રોજેક્ટ કઈ રીતે મળ્યો તે વિશે પૂછવામાં આવતા જમાલુદ્દીને જણાવ્યું કે ધર્મ એ એક પર્સનલ બાબત છે. આપણા દેશમાં દરેક ધર્મના લોકો છે. હું માનું છું કે કોમવાદનો સામનો કરવો હોય તો આપણે બધાએ ભેગા મળીને રહેવું જોઈએ. ભગવાન રામની પ્રતિમા બનાવીને હું ખુબ ખુશ છું. જમાલુદ્દીન એક કાબેલ અને અનુભવી શિલ્પકાર છે. તેમણે માત્ર ભગવાન રામની જ નહીં, પરંતુ મા દુર્ગા અને જગધાત્રીની મૂર્તિઓ પણ બનાવી છે અને તેને બહુ ચાહના મળી છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી જુદા જુદા હિંદુ દેવી દેવતાઓની ફાઈબરની મૂર્તિ બનાવે છે. તેનો પુત્ર બિટ્ટુ પણ આ કામમાં તેની સાથે જોડાય છે. પિતા-પુત્રની જોડી ઉપરાંત લગભગ ૩૦થી ૩૫ લોકોની એક ટીમ આખી પ્રક્રિયામાં જોડાય છે. લાઈફ સાઈઝની એક મૂર્તિ બનાવવામાં એકથી દોઢ મહિનાનો સમય લાગી જતો હોય છે.

### ગિલે ક્રિકેટ જગતમાં ઘણા રન બનાવ્યા છે

# શુભમન ગિલ બની શકે છે વન ડે ક્રિકેટર ઓફ ધ યર

**બેટ્સમેન શુભમન ગિલે ૪૧ સિક્સર, ૧૮૦ ચોગ્ગા અને ૧૦૫ની સ્ટ્રાઇક રન રેટથી બનાવ્યા સૌથી વધુ રન**

। નવી દિલ્હી, તા.૧૫ ।

વર્ષ ૨૦૨૩ ભારતીય ક્રિકેટ ટીમ માટે શાનદાર વર્ષ રહ્યું છે, કારણ કે ટીમ ઈન્ડિયાએ ત્રણેય ફોર્મેટની શ્રેણીમાં ઓસ્ટ્રેલિયાથી લઈને આયર્લેન્ડ સુધીની ઘણી ટીમોને હરાવી, એશિયા કપ જીત્યો, વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચી, પરંતુ જો આ બંને ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ જીતી ગયા હોત તો કદાચ આ વર્ષ ટીમ ઈન્ડિયા માટે સૌથી યાદગાર વર્ષ બની ગયું હોત. જો કે, આ આખા વર્ષમાં ટીમ ઈન્ડિયાને આટલું સફળ બનાવવામાં સૌથી વધુ યોગદાન આપનાર ખેલાડીઓમાંથી એક છે શુભમન ગિલ.



શુભમન ગિલ માટે ૨૦૨૩ અત્યાર સુધીનું શ્રેષ્ઠ વર્ષ સાબિત થયું છે. તેણે આ વર્ષે ટીમ ઈન્ડિયા માટે ત્રણેય ફોર્મેટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ખાસ કરીને ODI ફોર્મેટમાં શુભમન ગીલે એટલું સારું પ્રદર્શન કર્યું છે કે તેને ICC ODI ક્રિકેટર ઓફ ધ યર પણ જાહેર કરવામાં આવી શકે છે. ચાલો તમને શુભમન ગિલના કેટલાક આંકડાઓ બતાવીએ, જે તેમણે આ વર્ષે એટલે કે ૨૦૨૩માં જ બનાવ્યા છે.

માત્ર ODI ફોર્મેટની વાત કરીએ તો, શુભમ ગીલે આ વર્ષે ODI મેચોમાં ૬૩.૩૬ની એવરેજ અને ૧૦૫.૪૫ની સ્ટ્રાઈક રેટથી કુલ ૧૫૮૪ રન બનાવ્યા છે. આ દરમિયાન શુભમન ગિલે ૫ સદી અને ૯ અડધી સદી ફટકારી છે. તે જ વર્ષે, ગિલે ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી ODI મેચમાં પણ બેવડી સદી ફટકારી હતી, જે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની પ્રથમ બેવડી સદી છે, તેથી ગિલ હવે ભારતના માત્ર ૫ પસંદગીના ખેલાડીઓમાંનો એક છે જેમણે બેવડી સદી ફટકારી છે.

આના કારણે શુભમન ગિલની વનડે કારકિર્દીનો સર્વશ્રેષ્ઠ સ્કોર પણ ૨૦૮ રન બની ગયો છે. આ આખા વર્ષમાં, ગીલે ODI ફોર્મેટમાં કુલ ૪૧ છગ્ગા અને ૧૮૦ ચોગ્ગા ફટકાર્યા છે, જ્યારે તે માત્ર એક જ ઈનિંગમાં ૦ રને આઉટ થયો હતો. ચાલો તમને જણાવીએ કે ગિલે આ વર્ષે ODI ફોર્મેટમાં કઈ સિદ્ધિઓ હાંસલ કરી છે.

૨૦૨૩માં ગિલ ODI ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે.

૨૦૨૩માં ગિલ પણ ODI ફોર્મેટ માટે ICC રેકિંગમાં નંબર-૧ પર આવી ગયો છે.

૨૦૨૩માં યોજાયેલા ODI એશિયા કપમાં પણ ગિલ સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. ૨૦૨૩ માં તેણે ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી ODI ઈનિંગ્સમાં તેની કારકિર્દીની પ્રથમ બેવડી સદી પણ ફટકારી હતી.

### ભારતીય ટીમના પૂર્વ સુકાનીએ માનહાનીનો કેસ કર્યો હતો

# એમએસ ધોનીની અરજી પર આઈપીએસ ઓફિસરને ૧૫ દિવસની જેલની સજા

**મદ્રાસ હાઈકોર્ટે સંપત કુમારને અરજી દાખલ કરવાની મંજૂરી આપવા સજાને ૩૦ દિવસ માટે સસ્પેન્ડ કરી દીધી**

। ચેન્નાઈ, તા.૧૫ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન એમએસ ધોની દ્વારા દાખલ કરાયેલી અરજી પર મદ્રાસ હાઈકોર્ટે આજે આઈપીએસ ઓફિસર સંપત કુમારને ૧૫ દિવસની જેલની સજા સંભળાવી છે. જોકે, જસ્ટિસ એસએસ સુંદર અને સુંદર મોહનની ખંડપીઠે સંપત કુમારને અરજી દાખલ કરવાની મંજૂરી આપવા માટે સજાને ૩૦ દિવસ માટે સસ્પેન્ડ કરી દીધી છે.

એમએસ ધોનીએ કથિત દુર્ભાવનાપૂર્ણ નિવેદનો અને સમાચાર રિપોર્ટ્સ પર ઝી મીડિયા, સંપત કુમાર અને અન્યો વિરુદ્ધ હાઈકોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. એમએસ ધોની વતી દાખલ કરવામાં આવેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તે ૨૦૧૩માં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) મેચોની સટ્ટાબાજી અને મેચ ફિક્સિંગમાં સામેલ હતો. ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની ફ્રેન્ચાઈઝી ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન એમએસ ધોનીએ હાઈકોર્ટ પાસે સંપત કુમાર સહિતના પ્રતિવાદીઓને આ મુદ્દા સાથે સંબંધિત તેમની વિરુદ્ધ અપમાનજનક નિવેદનો જારી કરવા અથવા પ્રકાશિત કરવાથી રોકવા માટેનો આદેશ આપવાની માંગ કરી હતી. મદ્રાસ હાઈકોર્ટે અગાઉ વચગાળાનો મનાઈ હુકમ આપ્યો હતો અને ઝી મીડિયા, સંપત કુમાર અને અન્યને એમએસ ધોની વિરુદ્ધ માનહાનિ વાળા નિવેદનો કરવા પર રોક લગાવી દીધી હતી. સંપત



કુમારે જ શરૂઆતમાં આઈપીએલ સટ્ટાબાજીના કૌભાંડની તપાસ કરી હતી. ત્યારબાદ ઝી મીડિયા અને અન્ય લોકોએ માનહાનિના કેસના જવાબમાં પોતાના લેખિત નિવેદનો નોંધાવ્યા હતા. ત્યારબાદ એમએસ ધોનીએ એક અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે, IPS સંપત કુમારે પોતાની લેખિત દલીલોમાં વધુ અપમાનજનક નિવેદનો આપ્યા છે. આ સાથે જ કોર્ટ પર સંપત કુમાર વિરુદ્ધ કોર્ટના આદેશની અવમાનનાની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મદ્રાસ હાઈકોર્ટમાં એમએસ ધોની તરફથી એડવોકેટ પીઆર રમન હાજર થયા હતા.

એમએસ ધોનીએ અરજીમાં આરોપ લગાવ્યો છે કે, આઈપીએસ ઓફિસરે સુપ્રીમ કોર્ટ અને મદ્રાસ હાઈકોર્ટ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી છે. તેમની આ હરકત ન્યાયતંત્રમાં સામાન્ય માણસના વિશ્વાસ ડગમગાવનારી છે. આમ તે ગુનાહિત તિરસ્કાર છે.

### સા. આફ્રિકા સામેની ત્રીજી ટી૨૦માં ભારતનો વિજય

# સુર્યકુમારને ઈજા, IPLમાંથી બહાર થાય તેવી શક્યતા

**બાઉન્ડ્રી તરફ જતા બોલને રોકવા જતા બોલ ઉપાડવા માટે ઝૂક્યો હતો ત્યારે તેના ડાબા પગની ઘૂંટી વળી જતા પગ મચકોડાઈ ગયો**

। જોહાનિસબર્ગ, તા.૧૫ ।

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ત્રણ મેચની સીરિઝની છેલ્લી અને નિર્ણાયક ટી૨૦ મેચ ગઈકાલે જોહાનિસબર્ગમાં રમાઈ હતી જેમાં ભારતીય ટીમનો ૧૦૬ રને વિજય થયો હતો અને સીરિઝ ૧-૧થી બરાબર કરી હતી. આ મેચમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવે શાનદાર સદી ફટકારી હતી, જો કે ફિલ્ડિંગ દરમિયાન તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

સાઉથ આફ્રિક સામે ટી૨૦માં કેપ્ટનશીપ કરનાર સૂર્યકુમાર યાદવને લઈને એક ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે જેમાં ગઈકાલે રમાયેલી સીરિઝની છેલ્લી મેચમાં ફિલ્ડિંગ દરમિયાન તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તેની ઈજા એટલી ગંભીર હતી કે તે ચાલી પણ શક્તો ન હતો અને તેને મેડિકલ સ્ટાફ તેમજ અન્ય ખેલાડીઓ દ્વારા ઉચકીને મેદાન બહાર લઈ ગયા હતા. સૂર્યકુમાર યાદવ બહાર જતા રવીન્દ્ર જાડેજાએ કેપ્ટશીપ સંભાળી હતી. ઉલ્લેખનીય છે કે સૂર્યકુમાર યાદવે સદી ફટકારી હતી. ગઈકાલે સીરિઝની ત્રીજી અને અંતિમ ટી-૨૦ મેચમાં ભારતીય ટીમના કેપ્ટન ટોસ હારી જતા પ્રથમ બેટિંગ મળી હતી જેમાં ટીમે ૭ વિકેટ ગુમાવીને ૨૦૧ રન બનાવ્યા હતા. ભારત તરફથી કેપ્ટન સૂર્યકુમાર યાદવે શાનદાર ઈનિંગ રમીને ૫૬ બોલમાં જ સદી ફટકારી દીધી હતી જેમાં તેણે ૮ છગ્ગા અને ૭ ચોગ્ગા ફટકાર્યા હતા. આ ઉપરાંત સૂર્યકુમારે યશસ્વી સાથે ૭૦ બોલમાં ૧૧૨ રનની પાર્ટનરશિપ કરી હતી. ભારતની




ફિલ્ડિંગ દરમિયાન જ સુર્યકુમાર ઈજાગ્રસ્ત થયો હતો. તે બાઉન્ડ્રી તરફ જતા બોલને રોકવા જતા દોડ્યો હતો અને બોલ ઉપાડવા માટે ઝૂક્યો હતો ત્યારે તેના ડાબા પગની ઘૂંટી વળી જતા પગ મચકોડાય ગયો હતો અને તે મેદાન પર જ બેસી ગયો હતો. તેની ઈજા એટલી ગંભીર હતી કે તે ચાલી પણ શકતો ન હતો અને તેને ઉચકીને મેદાન બહાર લઈ જવાયો હતો. સૂર્યકુમાર લેટેસ્ટ આઈસીસીટી૨૦ બેટિંગ રેકિંગમાં પ્રથમ સ્થાન પર છે અને તેણે ભારતીય ટીમ સાથે અફઘાનિસ્તાન સામે ઘરઆંગણે ટી૨૦ સીરિઝ પણ રમવાની છે. ત્યારબાદ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) રમાશે. આઈપીએલપછી ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ પણ રવાની છે પરંતુ તેની ઈજાને જોતા એવું લાગી રહ્યું છે કે તે આઈપીએલ ૨૦૨૪માંથી બહાર થઈ શકે છે અથવા તો ટૂર્નામેન્ટની વચ્ચે તે મુંબઈ ઈન્ડિયન્સ ટીમ સાથે જોડાઈ શકે છે.

### સ્ટેજ પર ગીત ગાતાં-ગાતાં અચાનક ઢળી પડ્યો સિંગર

# બ્રાઝિલમાં ગાયક પેડ્રો હેનરિકનું કોન્સર્ટ દરમિયાન અવસાન થયું

**ગીતો ગાતી વખતે અને પ્રેક્ષકો સાથે વાર્તાલાપ કરતી વખતે પરફોર્મન્સનો આનંદ માણતો જોવા મળ્યો હતો સિંગર**

। બાર્સિલોનાા, તા.૧૫ ।

બ્રાઝિલમાં ગોસ્પલ ગાયક પેડ્રો હેનરિકનું કોન્સર્ટ દરમિયાન અવસાન થયું. ૩૦ વર્ષીય પેડ્રો બુધવારે બ્રાઝિલમાં એક ધાર્મિક કાર્યક્રમમાં પરફોર્મ કરી રહ્યો હતો. ગીતો ગાતી વખતે અને પ્રેક્ષકો સાથે વાર્તાલાપ કરતી વખતે તે તેના પરફોર્મન્સનો આનંદ માણતો જોવા મળ્યો હતો. આ પછી તે અચાનક જમીન પર પડી ગયો અને બેભાન થઈ ગયો. આ સમગ્ર ઘટના વીડિયોમાં કેદ થઈ ગઈ છે. વીડિયોમાં તમે પેડ્રો હેનરીકને સ્ટેજની કિનારે ઉભા રહીને ગાતા જોઈ શકો છો. તે દર્શકો સાથે મસ્તી કરતો પણ જોવા મળે છે. પેડ્રો વાઈ સેર તાઓ લિન્ડો નામનું ગીત ગાતો હતો. તે સફેદ પેન્ટ-



સૂટ પહેરીને હાથ ફેલાવીને ઊભો હતો. પ્રેક્ષકોમાં ઉભેલા ચાહકો પણ તેની ધૂન સાથે મેચ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. લાંબી નોંધ લીધા પછી તે થોડીવાર માટે અટકી ગયો, તેનું સંતુલન ગુમાવ્યું અને સ્ટેજ પર પડ્યો અને બેભાન થઈ ગયો. પેડ્રો હેનરીક સાથે ઊભેલો ગિટારવાદક તેને જોતો જ રહ્યો. આ તરફ સ્ટેજ પર પડ્યા પછી પેડ્રો હેનરીકને તાત્કાલિક નજીકના ક્લિનિકમાં લઈ જવામાં આવ્યો. એટલામાં ટોળું આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યું. સિંગરને ક્લિનિકમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે સ્ટેજ પર પરફોર્મ કરવા જતા પહેલા તેણે તેના મિત્રને કહ્યું હતું કે તે ખૂબ જ થાકી ગયો છે. હેનરિકના રેકોર્ડ લેબલ ટોડાહ મ્યુઝિકે રેડિયો ૯૩ ને જણાવ્યું હતું કે, ગાયકને ખૂબ જ ખતરનાક હાર્ટ એટેક આવ્યો હતો, જેના કારણે તેણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. રેકોર્ડ લેબલે ગાયકને એક સરસ અને ખુશ વ્યક્તિ તરીકે પણ વર્ણવ્યું હતું, જે દરેકનો મિત્ર હતો. ૩૦ વર્ષીય પેડ્રો હેનરિક તેમના મૃત્યુ પછી તેમની પત્ની સુઈલાન બેરેટો અને તેમની પુત્રી ઝોને પાછળ છોડી ગયા.

### દિલ્હી પોલીસને મળી મોટી સફળતા

# સંસદની સુરક્ષાનો ભંગ કરનાર મુખ્ય સૂત્રધાર લલિત ઝાની અંતે ધરપકડ

**સંસદની સુરક્ષામાં ચૂક મામલામાં પોલીસ દ્વારા સતત કાર્યવાહી**

। નવી દિલ્હી, તા.૧૫ ।

સંસદની સુરક્ષાના ચૂક મામલામાં હંગામો જારી છે. વિપક્ષ મામલામાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરી રહ્યું છે. આ વચ્ચે લોકસભામાંથી ૧૩ અને રાજ્યસભામાંથી એક સાંસદને શિયાળુ સત્ર માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. વિપક્ષ આ મુદ્દે પ્રહારો કરી રહ્યું છે તો કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી પ્રહ્લાદ જોશીએ કહ્યુ કે આ રાજનીતિનો મામલો નથી. બીજી તરફ દિલ્હી પોલીસે રાત્રે આશરે ૧૦.૩૦ કલાકે છઠ્ઠા આરોપી અને મુખ્ય ષડયંત્રકાર મનાતા લલિત ઝાની ધરપકડ કરી લીધી છે. આ પહેલા દિવસમાં દિલ્હી પોલીસે મામલામાં આરોપી મનોરંજન ડી, સાગર શર્મા, અમોલ શિંદે અને નીલમને કોર્ટમાં રજૂ કર્યા હતા. આ દરમિયાન દિલ્હી પોલીસે કોર્ટમાં આરોપીઓના ૧૫ દિવસના રિમાન્ડ માંગ્યા હતા, પરંતુ કોર્ટે સાત દિવસના રિમાન્ડ આપ્યા છે. તેમાંથી લોકસભામાં સાંસદોની બેસવાની



જગ્યા પર કૂદનાર અને કેન દ્વારા ધૂમાડો કરનાર લોકો મનોરંજન ડી અને સાગર શર્મા છે. તો અમોલ શિંદે અને નીલમ પરિસરમાં નારેબાજી કરી કેનથી ધૂમાડો ફેલાવ્યો હતો. પાંચમો આરોપી વિક્લી પોલીસની કસ્ટડીમાં છે. પોલીસે કોર્ટને કહ્યું કે મનોરંજન ડી, સાગર શર્મા, અમોલ શિંદે અને નીલમનો સંસદની સુરક્ષામાં ચૂક કરવાનો મામલો આતંકી ગતિવિધિ જેવો છે. પોલીસે જણાવ્યું કે અમે આરોપીઓ વિરુદ્દ્ઠધ આઈપીસીની વિવિધ કલમો સિવાય આતંકવાદ વિરોધી કાયદો ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ કાયદો (UAPA)હેઠળ કેસ દાખલ કર્યો છે.

## તંત્રી લેખ...

# કેનેડા આતંકવાદનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે

એક તથ્ય છે કે જે દેશ આતંકવાદને ઉત્તેજન આપે છે અથવા તેને સહન કરે છે, તે સંકટમાં ફસાઈ જાય છે. દાખલા તરીકે સુડાન, લીબિયા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, સોમાલિયા, નેપાળ વગેરેને જોઈ શકાય છે. આ બધામાં સૌથી નવી સામેલગીરી છે કેનેડા, જ્યાં વંશીય નિયંત્રણ બિનશ્વેત પ્રવાસીઓને પૂર્ણ લાભ લેવાથી વંચિત કરે છે. આપણને આશા હતી કે કેનેડા અલગતાની કોઈપણ વાત પ્રત્યે બહુ સંવેદનશીલ હશે, ખાસ કરીને ૧૯૯૫ના ક્યૂબેક સ્વતંત્રતા સંબંધિત જનમત સંગ્રહ પસાર થયા બાદ, પરંતુ તેના બેવડા માપદંડો સતત ઉઘાડા પડી રહ્યા છે. તે કાયદાના શાસન અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉપદેશ આપે છે, તેમ છતાં ૧૯૭૦માં હાલના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના પિતા સીનિયર ટ્રુડોએ યુદ્ધ ઉપાય અધિનિયમ લાગુ કર્યા અને ક્યૂબેક અલગતાવાદી આંદોલનને કચડી નાખવા માટે ટેંકો મોકલી. હાલનાં વર્ષોમાં કેનેડાઇ નાગરિકો દ્વારા અંજામ અપાઈ રહેલી ભારત વિરોધી ઘટનાઓ પ્રત્યે ત્યાંની સરકારની સહનશીલતા આપણા દ્વિપક્ષીય સંબંધોને પ્રભાવિત કરે છે. કેનેડાએ ૧૯૭૪માં આપણા પરમાણુ પરીક્ષણના થોડા જ દિવસ બાદ આપણ પરમાણુ એકમોને સહાયતા આપવાનું રદ્દ કરી દીધું હતું. ત્યારબાદ આપણા સંબંધો ઠંડા પડી ગયા. ચાલીસ વર્ષ પહેલાં જ્યારે કેનેડાના આતંકવાદીઓએ એર ઈન્ડિયાના એક વિમાનને ઉડાવી દીધું હતું, જેમાં સેંકડો લોકો માર્યા ગયા હતા, તો આપણે દોષીઓનાં નામ જણાવીને કેનેડાને તેમને પકડવામાં મદદ કરવાની અપીલ કરી હતી. એ સમયે હાલના વડાપ્રધાનના પિતા સત્તામાં હતા અને તેમણે તપાસને નિષ્ફળ બનાવી હતી અને માત્ર એક વ્યક્તિને કથિત રૂપે થોડાં વર્ષોની જેલની સજા કરી હતી. એ અનુભવતાં કે કેનેડા આતંકવાદ પ્રત્યે નરમ છે, ત્યાં દરેક ધર્મના કટ્ટરપંથી એકઠા થવા લાગ્યા. આ રીતે કેનેડા આતંકવાદનું મુખ્ય કેન્દ્ર બની ગયું. ભારતે જ્યારે આર્થિક ઉદારીકરણ લાગુ કર્યું, તો ૧૯૯૬માં કેનેડિયન વડાપ્રધાન વેપારની શોધમાં ૩૦૦ વ્યવસાયીઓના એક પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરતાં ભારત આવ્યા. પરંતુ એ મુલાકાત નિષ્ફળ ગઈ. ભારતે આતંકવાદ વિરોધી એક કાર્યસમૂહની સ્થાપના કરી, જેને કેનેડાએ ભૂલાવી દીધું. ૨૦૧૨માં ભારત પ્રવાસે આવેલા કેનેડાના વડાપ્રધાનને ખાલિસ્તાન પ્રત્યે સહાનુભૂતિને કારણે સત્તાવાર રાત્રિભોજન પર બોલાવવામાં ન આવ્યા. ૨૦૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેનેડાની મુલાકાત લીધી હતી, જે ૪૨ વર્ષોમાં આ પ્રકારની પહેલી મુલાકાત હતી અને કેનેડા આપણને યુરેનિયમ વેચવા માટે સહમત થયું હતું. તેનાથી જે લોકોને આશા હતી કે ભૂતકાળની ખટાશ દૂર થઈ જશે, તેમણે જલ્દી નિરાશ થવું પડ્યું. કેનેડામાં જ્યારે જસ્ટિન ટ્રુડો વડાપ્રધાન બન્યા, તો તેમણે એક કટ્ટરપંથી શીખ પાર્ટીના સમર્થનથી અલ્પમતની સરકાર બનાવી, જેને કારણે તેમણે એક શીખ આતંકવાદી અને નશાના કારોબારીને રક્ષામંત્રી બનાવવો પડ્યો. આ જ વર્ષે ત્યાંના વડાપ્રધાને પોતાની સંસદને પોતાના પ્રિય આતંકવાદીની હત્યામાં ભારતીય સંડોવણીનો આરોપ લગાવવી દ્વિપક્ષીય સંબંધોને નુક્સાન પહોંચાડ્યું છે. જોકે એના પર કેનેડાએ અત્યાર સુધી કોઈ પુરાવો નથી રજૂ કર્યો પરંતુ તે ભારત પાસે સહયોગની અપેક્ષા રાખે છે! ભારતીય મૂળના કેનેડિયન ભારતીય રાજદ્વારી પરિસરો, હિંદુ પૂજા સ્થળો અને હિંદી ફિલ્મ દેખાડતા સિનેમાઘરો પર હુમલા કરે છે. આપણા રાજદ્વારીઓની સુરક્ષા પર ખતરો પેદા થયો, તેથી ભારતે કેનેડાના લોકો માટે વિઝા બંધ કરી દીધા. જ્યારે જસ્ટિન ટ્રુડોએ ભારતની ફરિયાદ કરી, તો ભારતના વિદેશ મંત્રી કે વિદેશ મંત્રાલયના અધિકારીઓએ તેનો જવાબ આપ્યો.

# સ્મશાન ને સુક્ષ્મ સ્વરૂપે જોઈએ તો એ આદિ દૈવિક મંદિર છે, જ્યાં શંકર, પાર્વતી, ગંગા, નંદી અને કાચબો છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



ત્રીજા દિવસની માનસ મસાનની કથામાં ''ઘર મસાન પરિજન ભુતા'' ચોપાઈ ગાઈને, પૂજ્ય બાપુ એ કહ્યું કે, પ્રથમ દિવસની કથાના વાક્યને દોહરાવતા કહ્યું કે માનસમાં પરોક્ષ અને અપરોક્ષ કે પછી પ્રગટ અને અપ્રગટ મર્મ સમાયેલ છે. પ્રગટ નો અર્થ તો મળી જાય પણ અપ્રગટ એટલે કે બે ચોપાઈ વચ્ચેનાં અર્થ તો કોઈ બુદ્ધ પુરુષને ચરણે બેસીએ તો જ સમજાય! ગઈકાલે મણિકર્ણિકા ઘાટ પર ગયા ત્યાંના મહંતશ્રી એ જણાવ્યું કે મા પાર્વતીનાં કર્ણ કુંડળનો મણિ આ જગ્યા પર પડ્યો અને ભગવાન શંકર એ એને પાછો એને કર્ણિકામા જડી દીધો, એટલે આ ઘાટનું નામ મણિકર્ણિકા ઘાટ પડ્યું. ગુરુમુખી અર્થ જે મને સમજાવ્યો હતો, એ પ્રમાણે રામ નામ ને મણિ કહેવામાં આવ્યો છે, અને ભગવાન શંકર આ ઘાટ પર જે આવે એનાં કાનમાં આ રામનામનો મણિ જડી દે છે, એટલે મણિકર્ણિકા કહેવાયું. તુલસીએ માનસમાં ત્રણવાર મસાન શબ્દ પ્રયોગ કર્યો છે! એટલે કે એ આદિભૌતિક, એટલે આદિ દૈહિક આદિ દૈવિક, અને આધ્યાત્મિક મસાન છે. આદિભૌતિક એટલે જે સ્થૂળ રૂપે છે, અને આપણે સૌ જાણીએ છીએ એમ સ્મશાન સ્થૂળ રૂપે બહુ ભયંકર હોય છે. એક બાજુ ચિતા જલતી હોય તો, બીજી બાજુ હજી બીજા રોકકળ કરતાં શબને લઈને આવતા હોય! વાલ્મીકિ રામાયણમાં આનો સંદર્ભ મળે છે. જે રાજા નિમ્ન કક્ષાના ભોગમાં આસક્ત સવછંદ અને લોભી થઈ જાય તેને મરઘટની આગ જેવો હોય છે, અને પ્રજા તેનો આદર કરતી નથી એવું એમાં કહ્યું છે. સ્મશાનમાં પાંચ પ્રકારની ભયંકરતા દેખાય છે, દિવસ હોવા છતાં કાળ રાત્રી લાગે છે. સ્વજનો વિલાપ કરી રહ્યા છે! બિલકુલ એવું જ વાતાવરણ ત્યારે આયોધ્યામાં હતું, જ્યારે ભગવાન રામ વનવાસ ગમન કરી રહ્યા હતા! અને અયોધ્યા વાસીઓ હવે શું થશે! હવે શું થશે એ વિચારે વિલાપ કરતાં હતાં.

કોઈ પિતાની એકની એક પુત્રીએ પ્રશ્ન કર્યો કે પોતાના પિતાના નિર્વાણ સમયે પોતે અગ્નિસંસ્કાર કરી શકે કે કેમ! બાપુએ કહ્યું કે વ્યક્તિગત રીતે મારો અભિપ્રાય તમે તેવું કરી શકો! હા ધર્માચાર્યો અને શાસ્ત્રો એ બાબત મનાઈ કરી શકે! પણ ભાગવત મહાત્મ્યમાં સ્પષ્ટ કહ્યું છે કે વક્તા શાસ્ત્રને સંઘોષિત કરનાર હોવા જોઈએ, એટલે કે શાસ્ત્ર પર સંશોધન થવું જોઈએ. સમય પ્રમાણે પ્રેક્ટીકલ બનવું એ સારી વાત છે, અને એમાં ધર્મ નારાજ નથી થતો માત્ર લોકો નારાજ થાય છે. આજે એક ચિઠ્ઠી આવી છે, એમાં લખ્યું છે કે સ્મશાન અભિનવ શોભાથી સંપન્ન થઈને મૂર્તિમાન વસંત સમાન જણાતું હતું. એટલે આદિ દૈહિક સ્મશાનનું સ્વરૂપ ભલે ભયંકર હોય, પણ આદિ દૈવિક સ્મશાનનું સ્વરૂપ એ દિવ્ય છે, કારણ કે ત્યાં શંકર પાર્વતીનો વાસ છે. વિનય પત્રિકામાં તુલસી પણ લખે છે,'' ગિરિજા મન માનસ મરાલ, કાસીસ મસાન નિવાસી, એટલે કે મસાનમાં શિવ શિવાનો નિત્ય નિવાસ છે, અને આ તેમની ક્રીડાસ્થલી છે.એટલે એ મંદિરમાં રૂપમાં પ્રતિત થાય છે. શિવ મંદિરમાં જેમ શિવ, પાર્વતી, ગંગા, નંદી, કાચબો એ પાંચ વસ્તુ પ્રગટપણે હોય છે. જ્યાં દેવોના દેવ મહાદેવ અને મહાદેવી સ્વરૂપે મા આદ્યશક્તિ જગત જનની જગદંબા એટલે કે પાર્વતી હોય તે દ્રષ્ટિએ જોઈએ તો ત્યાં કોઈ ભીષણતા દેખાતી નથી, બધું જ મનોહર અને રમણીય લાગે છે.

યસ્યાંકે ચ વિભાતિ ભૂધરસૂતા દેવાપગા મસ્તકે।
ભાલે બાલવિધુર્ગલે ચ ગરલં યસ્યોરસિ વ્યાલરાટ્।
સોઽયં ભૂતિવિભૂષણઃસુરવરઃ સર્વાધિપઃ સર્વદા।
શર્વઃ સર્વગતઃ શિવઃ શશિનિભઃ શ્રીશંકર પાતુ મામ્।

આદિ ભૌતિક એટલે કે આદિ દૈહિક સ્મશાન ભલે ભયાવહ હોય પણ જ્યાં શિવ છે અને જેની ડાબી બાજુએ ભગવતી જગદંબા બિરાજમાન હોય એવી જગ્યા કલ્યાણકારી છે, સુંદર છે,દેવાલય છે, એટલે આ મણિકર્ણિકા ભૌતિક રુપમાં ભલે ભયાનક હોય પણ આદિ દૈહિક સ્વરૂપે મંદિર જેવું સોહામણું લાગે છે. હા શિવનો વેશ થોડો અમંગલ છે! વિકારોઽપિ શ્લાઘ્યો ભુવનભયભંગવ્યસનિનઃ । મણિકર્ણિકા ઘાટ પર જ્યાં રાત પડે ચિતા બળતી હોય ત્યારે એવું લાગે કે જાણે કોઈ આવીને આરતી ઉતારે છે, કોઈ અગોચર ચેતનાની આરતી ઉતારતી હોય એવું લાગે. શિવાલયના મુખ્ય પંચ પરિવાર મુજબ શિવ એટલે કલ્યાણ, પાર્વતી એટલે શક્તિ, ગંગા એટલે નિર્મળ બુદ્ધિ નંદી એટલે ધર્મ. સત્ય, તપ, શૌચ, દયા, આ ચાર ચરણ પર જે અવસ્થિત હોય એ ધર્મ. કાચબાની ખાસિયત એ છે કે પોતે ઈચ્છે ત્યારે પોતાના અંગો ફેલાવે છે, અને ઈચ્છે ત્યારે અંગો સંકોરી લે! એટલે પોતાની ઈન્દ્રિયો પર જેનો કાબુ છે એવું સ્વરૂપ. કાચબો સંયમી છે, એટલે યુવાનો ને કહ્યું કે તુલસીદલ નાખીને ખાવા યોગ્ય ભોજનનો સ્વાદ લ્યો! આંગણામાં તુલસી અને ફ્રીઝમાં ઈંડા બીયર! માત્ર અટકથી નહીં પણ સાચાં વૈશ્રવ બનો. પ્રભુ પ્રસાદ પટ ભૂષણ ધરહી,અલંકાર કે આભૂષણ પહેરવાની પણ છૂટ છે. આમ આ રીતે આપણું જીવન પણ આ શિવ પંચ પરિવારની હાજરી હોય તો આદિ દૈવિક સ્મશાન જેમ સોહામણું મંદિર બની શકે. પણ એક વાત છે, કે દરેક મંદિરમાંથી આપણે જઈને પાછા ફરીએ છીએ, પણ આ આધિદૈવિક સ્વરૂપ એ રહેલા આ મંદિર માંથી પાછા આવવાનું થતું નથી. મારાં એક મનોરથ વિશે મારાં યજમાન જાણે છે, જે ગામમાં મારી કથા હોય એણે મારો ઉતારો સ્મશાનમાં રાખવો, જેથી કરીને સ્મશાન સ્વચ્છ રહે! બીજું ત્યાં બધા મને મળવા આવે, એટલે બધાનો ભય પણ નીકળી જાય, ત્યાં ભજીયા ખાઈએ, ચા પીએ, એટલે ભૂત વગેરેનો ભય નીકળી જાય! પણ મારો આ ઈરાદો લોકોમાં મૃત્યુ પ્રત્યેના ડરને દૂર કરવાનો હતો, પણ જે પૂરો થયો નહીં. કારણકે લોકો વાત કરવા લાગ્યા કે બાપુ સ્મશાનમાં રહી મેલીવિદ્યાની સાધના કરે છે, અને લોકોમાં ખોટો મેસેજ જાય નહીં, એટલે મેં એ બંધ કર્યું. કાશીની વાત કરતાં કહ્યું કે કાશી નિરાળી છે, મારા શંકર પણ નિરાળા છે, એકબાજુ ફટાકડા ફૂટે છે અને એકબાજુ ચિતા સળગતી હોય. આવાં કાશીના મણિકર્ણિકા ઘાટ પર જ્યાં કથા થઈ રહી છે, તે મસાન એટલે આદિ દૈવિક મંદિર છે, એની પૂર્તિ કરતાં કહ્યું કે, જ્યાં વિશ્વાસ છે, જ્યાં શ્રદ્ધા છે,જ્યાં ભક્તિ છે, જ્યાં સંયમ છે, જ્યાં ધર્મની સ્નમુખતા છે, એ એવાં શિવાલય દેવાલય જેવા મસાનથી ડરો નહીં. હનુમાન જયંતી પર તલગાજરડામાં કોઈ હેતુ કે કોઈ કારણ વગર યજ્ઞ પરંપરાને પ્રબળ બનાવવા યજ્ઞ થાય છે, તો અમે સ્મશાનમાં કરવાનું નક્કી કર્યું છે, જેને રામવાડી કહેવામાં આવે છે.જેમા પહેલા અગ્નિસંસ્કાર કરવામાં આવતા એમાંનો એક વિભાગ અમે રાખ્યો છે. પહેલા દિવસની કથાને યાદ કરતા કહ્યું કે જીવનમાંથી મૃત્યુનો ડર નીકળી જાય અને ભોગનો લોભ નીકળી જાય તો બેડો પાર. સ્મશાનમાં જઈ મિત્રો સાથે પુરણપોળી ખાવ, ગુલાબજાંબુ ખાવ, આ બધી જગ્યા એવી છે કે જ્યાં મહાદેવનો નિત્ય નિવાસ છે, ત્યાં રાસ રમો, ખુશી બાટો, તો આપોઆપ ભય નીકળી જશે! ત્રીજા સ્મશાનની વાત કરતા કહ્યું કે આધ્યાત્મિક સ્મશાન એટલે પૂર્ણ જાગૃતિ જેને જ્ઞાન થઈ જાય એ આધ્યાત્મિક સ્મશાન છે. જાગૃતિ ડર કાઢી નાખે છે, કે સ્મશાનમાં તો ભૂત થાય છે! ભૂત થવું તો સારું, એ ક્યારેય ખોટું નથી બોલતું! ઈર્ષા નથી કરતું! બેઈમાની નથી કરતું! શંકર એવાંને સાથે રાખે જ નહીં! અને આ વાત હું વિનોદમા નથી કહેતો. સ્મશાન બહુ પવિત્ર જગ્યા છે, એનો ડર નીકળી જવો જોઈએ! ત્યાં કોઈ પણ પ્રકારની બુરાઈ નથી રહેતી. બનારસની કથામાં વાયોલિન અને સિતારવાદક આગળ સિતાર વગડાવવું છે, ભૂત પ્રેત ને સંગીતનો બહુ શોખ હોય છે.

કથાના ક્રમમાં આપણે રામનામ મહિમા ગાન કર્યું, ત્યારબાદ તુલસી આ સદગ્રંથ ના પ્રાગટ્ય કંઈ રીતે થયું એની વાત કરી! રામ અવતરણની કથામાં આગળ કહ્યું કે ભગવાન શિવ એ રામાયણના પ્રથમ વક્તા છે, એમણે એનું ગાન કર્યું ,અને હદયમાં રાખ્યું. સમય આવ્યો ત્યારે પાર્વતીજી ને સંભળાવ્યું. એ જ રામચરિત માનસ બાબા ભૂષંડી એ ગરુડને સંભળાવ્યું. તીર્થરાજ પ્રયાગમાં પરમ વિવેકી યાજ્ઞવલ્ક્ય એ ભરદ્વાજ મુનિ ને સંભળાવ્યું. રામચરિત માનસ પંચામૃત દાતા છે. રામચરિત માનસના કથા રૂપી સરોવરના ચાર ઘાટ જ્ઞાનઘાટ જ્યાં શિવ પાર્વતીને કથા કહે છે. બીજો કર્મઘાટ જ્યાં યાજ્ઞવલ્ક્યજી ભરદ્વાજજી ને કથા કહે છે.ત્રીજો ઉપાસનાનો ઘાટ જ્યાં નિલગીરી પર્વત પર ભૂષુંડીજી ગરુડને કથા કહે છે. ચોથો શરણાગતિનો ઘાટ જ્યાં સ્વયં તુલસીજી પોતાના મનને શ્રોતા બનાવીને કથા સંભળાવે છે. શ્રાવણમા સ્મશાનમાં જઈ કથા કરવાનો અનુરોધ કર્યો કારણકે ત્યાં સ્વયં શંકર શ્રોતા બનશે! પણ કથા ગાઈને કરવી, ગાવત સંતત શંભુ ભવાની. કર્મઘાટ પર યાજ્ઞવલ્ક્યજી ભરદ્વાજજી ને કથા કહે છે કે, તમે રામકથા વિશે જીજ્ઞાસા કરી, પણ હું તમને પહેલા શિવકથા કહીશ, અને કુભંજ ઋષિના પ્રસંગ, પછી સત્યાસી હજાર વર્ષ પછી શિવ સમાધિમાંથી જાગ્યા, દક્ષયજ્ઞ, સતીનો હિમાચલને ત્યાં બીજો જન્મ, નારદ મુનિના કહેવા પ્રમાણે તપ કરવું, અને ત્યારબાદ શિવ પાર્વતી લગ્ન માટે તૈયાર થાય છે, ત્યાં સુધીની કથા કરી ત્રીજા દિવસની કથાને વિરામ આપ્યો.

# ભગવાનના નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એટલે સંસારનો દાવાગ્નિ દૂર થાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

સંસાર એ દાવાગ્નિ છે. ચારે બાજુથી તે જીવને બાળે છે. દુઃખનો પાર નથી. દરેકને દુઃખરૂપી અગ્નિ બાળે છે, ત્યારે ગોપબાળકો અને વ્રજવાસીઓની જેમ આંખ બંધ રાખવી અને ભગવાનના નામનું ચિંતન કરવું. આ સંસારરૂપી દાવાનળ-દાવાગ્નિ બાળવા આવે ત્યારે આંખો બંધ રાખી ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ધરો. ભગવાનના નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એટલે સંસારનો દાવાગ્નિ દૂર થાય.

પ્રલંબાસુર નામે એક રાક્ષસ હતો. પ્રલંબાસુર એટલે અંતઃકરણની લાંબી લાંબી વાસનાઓ.આ વાસનાઓને લીધે જીવ-ઈશ્વરનું મિલન થતું નથી. પ્રભુએ આ પ્રલંબાસુરને હણ્યો છે.

એમ કરતાં સોહામણી શરદ ઋતુ આવી. શ્રીકૃષ્ણ ગાયોને ચારતાં વાંસળી વગાડવા લાગ્યા. ગોપીઓ આ વાંસળી સાંભળે છે. વાંસળી એ નાદબ્રહ્મની ઉપાસના છે.વાંસળી જ્યાં સુધી નસંભળાય ત્યાં સુધી શ્રીકૃષ્ણનાં દર્શન થતાં નથી. શ્રીકૃષ્ણદર્શન માટે વેણુનાદ સંભળાવો જોઈએ. વેણુ નાદ એટલે નાદબ્રહ્મ. નાદબ્રહ્મ આગળ બીજા બધા આનંદ તુચ્છ છે.ગોપીઓને દૂર દર્શન અને દૂર શ્રવણ એ બે સિદ્ધિ ઓ પ્રાપ્ત થઈ હતી. એટલે ગોપીઓ ઘરમાં રહી શ્રીકૃષ્ણની વેણુ સાંભળે છે અને શ્રીકૃષ્ણની લીલા પણ જોઈ શકે છે.

વેણુના નાદ વિશે ગોપીઓ અંદર અંદર વાતો કરે છે એને વેણુગીત કહે છે. ભક્તિભાવની પરાકાષ્ઠાનું આ ગીત વિશ્વમાં અજોડ છે. ગોપીઓ અંદર અંદર વાતો કરે છે કે,હે સખી,આંખોવાળાના જીવન ની અને આંખોની સફળતા શું? જ્યારે શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને ગૌરસુંદર બલરામ ગોપ બાળકોની સાથે ગાયોને હાંકી વનમાં લઈ જતા હોય કે, વનમાં આવતા હોય અને શ્રીકૃષ્ણે પોતાના હોઠ પર મુરલી ધારણ કરી હોય અને પ્રેમથી વાંકી નજર કરી આપણી સામે જોતા હોય,એ નેત્રોની સફળતા છે. બાકી બધું ધૂળ! આવા શ્રીકૃષ્ણનાં જેણે દર્શન કર્યા છે તેઓને જ આંખનું ફળ પ્રાપ્ત થયું છે, તે સિવાય નેત્રોનું ફળ બીજું કાંઈ ન હોઈ શકે!

હે સખી! કનૈયો વાંસળી વગાડે છે. તું સાંભળ. આ વાંસળી નથી. એ શ્રીકૃષ્ણની પટરાણી કે.અલી સખી તને શું કહું?મેં સાંભળ્યું છે કે, જ્યારે શ્રીકૃષ્ણ જમવા બેસે ત્યારે પણ વાંસળી કેડમાં ખોસી રાખે છે. રાત્રે શ્રીકૃષ્ણ સૂએ છે, ત્યારે પણ પથારીમાં વાંસળીને સાથે રાખીને સૂએ છે. આ વાંસળી એમની પટરાણી છે.

પ્રભુનો અધર ઓષ્ઠએ વાંસળીનો તકિયો છે. હાથ એ ગાદી છે.આંખો તે દાસીઓ છે. પાંપણો તે પાંખો છે. નાકની વાળી તે છત્ર છે. આ વાંસળી પરમાત્મા સાથે પરણી છે, તેથી તેને પરમાત્માનો નિત્યસંયોગ પ્રાપ્ત થયો છે.આ વાંસળી એ જાણે પૂર્વજન્મમાં એવી તે શું તપશ્ચર્યા કરી છે કે,આ જન્મે તે શ્રીકૃષ્ણના અધરા મૃતનું નિત્ય પાન કરે છે.

એક ગોપીએ વાંસળીને જ પૂછી નાખ્યું, હેં અલી, તેં આવું શું પુણ્ય કર્યું કે ભગવાને તને અપનાવી?

વાંસળી કહે,મેં 'બહુ તપશ્ચર્યા કરી છે! મારું હૈયું પોલું છે.હું પેટમાં કંઈ જ રાખતી નથી!વાંસળી પેટ માં કંઈ રાખતી નથી,તેથી તે ભગવાન શ્રીકૃષ્ણની પ્રિય બની છે માટે વેરઝેરનો હૃદયમાં સંગ્રહ કરશો નહીં. જે વાંસળી જેવા બને છે તે ભગવાનને ગમે છે.

વાંસળી કહે છે,મારામાં એક-બે નહીં, ઘણા ગુણો છે.મેં ઘણું સહન કર્યુ છે. મારા ઉપર છ ઋતુઓના માર પડ્યા છે. લોકોએ મને કોતરી પણ હું બોલી નહીં. વાંસળી કહે છે, મારા ધણીને જે બોલાવવું હોય તે હું બોલું છું.મારા ધણીને જે સૂર કાઢવો હોય તે કાઢે મારા પોતાના સૂર જેવું મેં કંઈ રાખ્યું જ નથી અને ધણીના સૂરને હું મારા સૂર તરીકે પ્રગટ કરું છું. વળી ધણીની આજ્ઞા કે ઈચ્છા વિના હું કદી બોલતી નથી. તેથી હું બોલું છું ત્યારે સાંભળનારો ડોલે છે,નાગ પણ ડોલે છે અને કસ્તૂરી મૃગ પણ ડોલે છે.નાગ દુર્જન, કસ્તૂરી મૃગ સજ્જન,સજ્જન દુર્જનને બેઉને આનંદ થાય તેવું



મધુર હું બોલું છું. વાંસળીએ ખૂબ સહન કર્યું છે એટલે ભગવાનની સન્મુખ થઈ છે એટલે સમજીને જે દુઃખ સહન કરે તેનું પાપ બળે છે. નિશ્ચય કરો કે, મારે મધુર બોલવું છે. કોઈનું દિલ દુભાય તેવું બોલશો જ નહીં, કારણ કે લાકડીનો માર ભૂલાય છે પણ શબ્દનો માર ભૂલાતો નથી. વાંસળીમાં એક એવો ગુણ છે કે, તે જ્યારે એકલી હોય,ત્યારે બોલતી નથી.તમે ઈશ્વરનું ધ્યાન કરો ત્યારે બોલશો નહીં. જીભથી ન બોલે, પણ મનથી ઘણા બોલે છે. મનથી ન બોલે તે ઉત્તમ મૌન. એક સખી બોલી, અલી સખી, તું જો તો ખરી,આ વાંસળીનો અવાજ સાંભળી આ વૃક્ષોમાંથી મધની ધારાઓ વહે છે. કનૈયો વાંસળી વગાડે છે તેથી વૃક્ષોને પણ આનંદ થાય છે. એમની ન્યાતની દીકરી પરમાત્મા ની સાથે પરણી છે તેનો એ આનંદ છે! એ આનંદમાં વૃક્ષો અશ્રુ વહાવે છે.

આનો બીજો પણ અર્થ કેટલાક સંતો કરે છે. તેઓ કહે છે કે, વૃક્ષો નાં આંસુ એ દુઃખનાં આંસુ છે. વૃક્ષોએ વિચાર્યું કે,વાંસનું મુખ્ય કામ ઘરને છાજવાનું છે.એ પરોપકારનું કામ મૂકીને વાંસળીએ તો ઘણા લોકોનાં ઘરને ઉજ્જડ કરવાનું શરૂ કર્યું છે.કારણ કે લાલા ની વાંસળી જેના કાન ઉપર પડી તેને પછી ઘર ગમતું નથી. આમ વિચારી વૃક્ષો શોકનાં આંસુ વહાવે છે. તો વળી બીજા મહાત્મા કહે છે કે, વાંસ તો ડૂબતાને બચાવે છે, તારે છે. ત્યારે આ વાંસળી તો બધાને આનંદ રસમાં ડૂબાડે છે,તેથી વૃક્ષો દુઃખી થઈને રડે છે. એક ગોપી બોલી, અલી સખી, તું જો તો ખરી, મારો કનૈયો વાંસળી વગાડે છે ત્યારે હરિણીઓ પાગલ થઈ દોડતી આવે છે. જો તો ખરી, કનૈયા ભણી જોતાં એમની આંખ ની પાંપણો પણ હાલતી નથી! ગોપીઓની દૃષ્ટિ કેવી સૂક્ષ્મ છે! હરિણીઓની પાંપણો હાલતી નથી.તે ઘરમાંથી જુએ છે. હરિણી ઓ એકલી નથી,પણ તેમના પતિઓ પણ સાથે છે. તેથી ગોપી કહે છે, અલી સખી, મારા મનની એક ખાસ વાત તને કહું છું. આ હરિણીઓને તેમના પતિ અનુકૂળ છે, ત્યારે મારા પતિ મને પ્રભુસેવામાં પ્રતિકૂળ છે.મારા કરતાં વૃંદાવનની આ હરિણીઓ વધારે ભાગ્યશાળી છે!હરિણીઓ લાલાની પૂજા કરવા માગે છે. પાસે કોઈ નથી, પણ પોતાની આંખ રૂપી કમળોથી તેઓ લાલાની પૂજા કરે છે. પતિને પરમાત્મા પાસે લઈ જાય, સત્સંગમાં લઈ જાય તે હરિણી સાચી.એટલે તે પત્ની સાચી. પતિ ને પરમાત્માના માર્ગે વાળે, પતિના હાથે સત્કર્મ કરાવે તે જ પત્ની છે.પતિને કેવળ ભોગ વિલાસમાં ફસાવે તે પત્ની પતિની શત્રુ છે. એક ધ્વનિ એવો પણ નીકળે છે કે, શ્રીકૃષ્ણસેવામાં હરિણીઓના પતિ હરિણીઓને સાથ આપે છે, ત્યારે ગોપીઓના પતિ એમને સાથ આપતા નથી.ઊલટું,એમની શ્રીકૃષ્ણ સેવામાં, શ્રીકૃષ્ણ કીર્તનમાં કોઈવાર વિઘ્ન કરે છે. વળી એક ગોપી બોલી,અરે સખી, શું કહું? બંસીનાદ સાંભળી ગાયો ઘાસ ખાવાનું છોડી દે છે અને પોતાના કાનરૂપી પડિયા દ્વારા બંસોના મધુર નાદનું પાન કરે છે. ભગવાનની પ્રેમથી બંસીનો નાદ સાંભળી ગાયો આનંદ ભરપૂર થઈ આંખમાંથી પ્રેમાશ્રુઓ પાડે છે અને મોઢામાંનો ઘાસનો કોળિયો ચાવવાનું ભૂલી જાય છે. અરે, વાછરડાં ધાવવાનું છોડી દે છે. અરી સખી, મારો કનૈયો જ્યારે વાંસળી વગાડે છે ત્યારે વૃંદાવનમાં પક્ષીઓ કાંઈ અવાજ કરતાં નથી. મોટા મોટા ઋષિઓ પક્ષીઓ થઈ વૃંદાવનમાં આવ્યા છે. લીલાનિકુંજમાં તેઓ રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ બોલતા ફરે છે. ઘણાં પક્ષીઓ તો તરસ લાગે તો પણ કોઈ રાધે કૃષ્ણ બોલે ત્યારે જ પાણી પીવા જાય છે.અરે સખી, કેટલાંક પક્ષીઓ તો એવાં છે કે, તે વૃક્ષ પરથી નીચે ઊતરતાં નથી. જમુનાજીનું જળપાન કરવા પણ જતાં નથી.જળપાન કરવા જઈએ તેટલો સમય શ્રીકૃષ્ણનો વિરહ થાય એ એમનાથી ખમાતું નથી. ધન્ય છે એ પક્ષીઓને! તે વખતે યશોદામા ત્યાં આવે છે.તે કહે છે કે,હું રોજ કહું છું કે કનૈયા, જોડા પહેરીને વનમાં જા, છતાં તે જોડા પહેરતો નથી. ત્યારે એક ગોપી બોલી,મા,તમે ચિંતા કરશો નહીં. કનૈયાનો એક મિત્ર એવો છે જે કનૈયાને માથે છત્રી રાખી ચાલે છે. અરે સખી, એવો તે એનો કોણ મિત્ર છે? ગોપીઓ કહે છે,આ મેઘરાજ શ્રીકૃષ્ણનો ખાસ મિત્ર છે. કનૈયો જ્યાં જાય ત્યાં છાયા કરે છે.પણ ધરતી ઉપર ચાલવાનું એટલે તેને કષ્ટ થતું હશે ને?ના,ના, ગિરિ રાજ મહારાજ માખણ જેવા કોમળ થાય છે.કનૈયાનાં ચરણ સ્પર્શથી ગિરિરાજ કોમળ બને છે. ગિરિરાજ કનૈયાની સેવા કરે, પણ ગાયોની, વૈષ્ણવોની પણ સેવા કરે છે, તેથી શ્રીકૃષ્ણને તો બહુ પ્રિય લાગે છે. ઠાકોરજીની સેવા કરે એ વૈષ્ણવોની સેવા કરે. એ મહાવૈષ્ણવ છે. પરમાત્માનાં ચરણનો સ્પર્શ થાય છે,તેથી ગિરિરાજને રોમાંચ થાય છે.મા, ગિરિ રાજ ઉપર ખાડા પડે છે એ ખાડા પૂરવાની દવા પણ કનૈયા પાસે છે.કનૈયો એવી વાંસળી વગાડે છે કે, તેના આનંદ માં ગિરિરાજ ફૂલી જાય છે એટલે ખાડા પૂરાઈ જાય છે.

એક સખી બોલી,અલી સખી,તું જો તો ખરી. આ કનૈયો હવે કદંબ ના વૃક્ષ ઉપર ચડીને ગાયોને બોલાવે છે. વાંસળીમાંથી એક એક ગાયનું નામ લે છે. હે ગંગે, હે ગોદાવરી, હે યમુને!જે ગાયનું નામ લે તે ગાય દોડતી આવે છે. અરે સખી, તું જો તો ખરી,આ ગાયો હુંભ હુંભ કરતી કદંબના વૃક્ષને ઘેરીને ઊભી છે અને મારા લાલા ની સુંદર ઝાંખી કરે છે. કેવું મનોહર દૃશ્ય છે! અલી સખી, મારી એક ખાનગી વાત તને કહું, લાલાની આ પ્રમાણે હું ઝાંખી કરું છું ત્યારે હું બાવરી બની પ્રવેશ મળશે. હજુ લોકલજ્જાનું, દેહાધ્યાસનું તેને સૂક્ષ્મ ભાન છે. દેહાધ્યાસ જશે ત્યારે રાસલીલામાં પ્રવેશ મળશે. દેહાધ્યાસ જાય છે ત્યારે ગોપી પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણ ગાયોને બોલાવે છે, ત્યારે નદીઓને ભ્રાંતિ થાય છે કે, કનૈયો અમને બોલાવે છે,પણ બિચારી જઈ શકતી નથી. તેથી પોતાના તરંગરૂપી હાથમાં કમળ-પુષ્પો લઈ જે દિશામાં વેણુનાદ આવે છે, તે દિશામાં ફેંકે છે અને ભગવાનનું સ્વાગત કરે છે. આમ જડ અને ચેતન સર્વ બંસીનાદથી મોહિત થાય છે.


# શું લીલાં મરચાં આપણા રોજિંદાઆહાર માટે ફાયદાકારક છે?

લીલાં મરચાં આપણા રોજિંદાઆહારનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે, મોટાભાગની ભારતીય વાનગીઓમાં મરચાંનો ઉપયોગ સ્વાદને વધારવા માટે કરવામાં આવે છે. તો ચાલો જાણીએ તેના ફાયદા અને ગેરફાયદા, લીલું મરચું એક એવી ખાદ્ય સામગ્રી છે જેના વિના મોટાભાગનો ખોરાક અધૂરો લાગે છે અને જો આપણે ભારતીય ખાણાંની વાત કરીએ તો લીલાં મરચાંને બિલકુલ અવગણી શકાય નહીં. આ તીખા મરચાનો ઉપયોગ દરેક વ્યક્તિ કરે છે, પરંતુ મોટાભાગના લોકો તેના ફાયદા વિશે જાણતા નથી. શાકભાજી અને કઠોળની સાથે-સાથે તેનો ઉપયોગ સલાડમાં પણ કરવામાં આવે છે. લીલાં મરચાં સ્વાસ્થ્ય માટે કેમ ફાયદાકારક છે? લીલાં મરચામાં ઘણા પ્રકારનાં પોષક તત્ત્વો જોવા મળે છે. જેમ કે વિટામિન એ,



વિટામિન બી૬, વિટામિન સી, આયર્ન, કોપર, પોટેશિયમ, પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટ. આટલું જ નહીં, તેમાં બીટા કેરોટીન, ક્રિપ્ટોક્સેન્થિન, લ્યુટીન-ઝેક્સાન્થિન વગેરે સ્વાસ્થ્યવર્ધક વસ્તુઓ સામેલ છે. વજન ઘટાડવામાં મદદરૂપઃ મોટાપાના કારણે વ્યક્તિને સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. જો તમે લીલાં મરચાંનું સેવન કરો છો, તો તે વજન વધવાની સમસ્યાથી છુટકારો મેળવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. આંખો માટે ફાયદાકારકઃ લીલાં મરચાં આંખોને સ્વસ્થ રાખવા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. મરચામાં બીટા કેરોટીન હોય છે. જે આંખોને સ્વસ્થ રાખવાની સાથે આંખોની રોશની વધારવામાં મદદ કરે છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે લીલાં મરચામાં લ્યુટીન અને ઝેક્સાન્થિન જેવા પોષક તત્ત્વો તેમજ એન્ટીઓક્સિડેન્ટ ગુણ હોય છે. લીલાં મરચામાં જોવા મળતા આ ગુણો અને પોષક તત્ત્વો આંખના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. કૅન્સર સામે અસરકારકઃ મરચાંના ઉપયોગથી કૅન્સરને ઘણી હદ સુધી દૂર રાખી શકાયછે. તેમાં એન્ટિ-ઓક્સિડેન્ટ હોય છે જે તમારા શરીરની આંતરિક સફાઈની સાથે મુક્ત રેડિકલથી બચાવીને કૅન્સરનું જોખમ ઘટાડી શકો છો. જો કે કૅન્સર એક એવો રોગ છે, તેને દૂર રાખવા માટે આપણે ડૉક્ટરની સલાહ અવશ્ય લેવી જોઈએ. હૃદયને સ્વસ્થ રાખવ માટે પણ લીલાં મરચાંનું સેવન કરી શકાય છે. તેમાં એક એવું સંયોજન જોવા મળે છે, જે મરચાંને તીખા અને ગુણવત્તાસભર બનાવે છે. આ સંયોજન હૃદય રોગની સમસ્યાને દૂર કરવામાં અને હૃદયને રક્ષણ આપવા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. ત્વચા માટે ફાયદાકારકઃ વિટામિન-ઈથી ભરપૂર લીલાં મરચાં તમારી ત્વચા માટે પણ ફાયદાકરક છે. તેનાથી તમારો ચહેરો ચુસ્ત રહે છે અને ત્વચા હંમેશાં યુવાન અને સુંદર રહે છે. પાચનમાં મદદઃ સંશોધન મુજબ, લીલાં મરચાં ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ ડિસઓર્ડર પર સકારાત્મક અસર બતાવી શકે છે. વાસ્તવમાં, ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ ડિસઓર્ડરમાં અપચો, ઝાડા અને કબજિયાતનાં લક્ષણોનો સમાવેશ થાય છે.

# એકલતા બની શકે છે એક શ્રાપ



આ પૃથ્વી પર લગભગ ૮ અબજ મનુષ્ય વસે છે. આટલી આબાદી હોવા છતાં કોઈનું કોઈની સાથે જામતું નથી. બધા જ પોતપોતાના સ્વાર્થ ખાતર જીવે છે. માટે જ કુટુંબમાં, પાડોશમાં, સમાજમાં અને બે દેશ વચ્ચે હંમેશાં ઘર્ષણ રહ્યા કરે છે. પરિણામ સ્વરૂપે લગભગ બધા પોતપોતાના વાડા બનાવીને સંકુચિત જીવન જીવતા થઈ ગયા છે. આ દુનિયામાં લાખો-કરોડો વ્યક્તિઓ હોવા છતાં, લોકો એકલા પડી જાય છે. એકલાપણું એક માનસિક મહારોગ છે અને નાની-મોટી બીમારીના બીજ વાવે છે. એકલતા એક સામાજિક સમસ્યા પણ છે. જે વ્યક્તિ કોઈ કારણવશ એકલા પડી જાય છે, તેઓ સમાજમાં હળી મળી શકતા નથી, કોઈ પણ સામાજિક પ્રવૃત્તિમાં ભાગ લેતા નથી અને સામાજિક વ્યવસ્થા પર બોજ બનીને રહી જાય છે. એકલતાના ત્રણ મુખ્ય પ્રકાર છે. (૧) ઈમોશનલ લોન્લીનેસ (લાગણીની એકલતા):- આવા વ્યક્તિઓ કોઈની સાથે આત્મિયતા સાધી શકતા નથી, મનની વાત કહી શકતા નથી. કોઈની સાથે તેઓ આત્મસંબંધ બાંધી શકતા નથી. ઘણી વખત પતિ-પત્ની વચ્ચે પણ આત્મિયતા હોતી નથી અને માત્ર ઔપચારિક વ્યવહાર હોય છે. લાગણીની એકલતા એ જ ડાઈવોર્સનું મુખ્ય કારણ છે. (૨) સોશિયલ લોન્લીનેસ (સામાજિક એકલતા):- આવા વ્યક્તિનું સામાજિક વર્તુળ નહીં બરાબર હોય છે. ઘરથી કામ સુધી અને પછી કામથી ઘર એજ એમની પ્રવૃત્તિ. એમનાં કોઈ ખાસ મિત્રો હોતા નથી અને તેઓ કોઈ સામાજિક કાર્યમાં જોડાતા નથી. પોતાનું ઘર પીંજરા સમાન બની જાય છે. (૩) એક્ઝિસ્ટેશિયલ લોન્લીનેસ (વિશ્રૃવ એકલતા) આવા વ્યક્તિ નિરર્થક જીવન જીવતા હોય છે. તેમને આ જીવનનો હેતું શું છે એ જ સમજાતું નથી. માટે કોઈ પણ પ્રવૃત્તિમાં તેઓ રસ લેતા નથી. તેમને બધી જ રીતે વાંધો હોય છે અને સત્યનો સ્વીકાર કરી શકતા નથી. તેઓ વિકૃત હઠ અને વટથી ભરેલા હોય છે અને એકલવાયું જીવન જીવે છે. આવા શ્રાપિત વ્યક્તિઓ શારીરિક, માનસિક અને આત્મિક રોગથી પીડાતા હોય છે.

# આ બે વસ્તુથી અઢળક હેલ્થ બેનેફિટ્સ

લસણ અને મધ ખાવાના ફાયદા તો આપણે બધા જ જાણીએ છીએ અને બંને વસ્તુઓ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. આ બંને વસ્તુઓનું સેવન કરવાથી અનેક બીમારીઓ દૂર રહે છે. પરંતુ જ્યારે આ બંને વસ્તુઓ એક સાથે ખાવામાં આવે ત્યારે શું થાય છે? એવો સવાલ થયો છે? જ્યારે લસણ અને મધ બંનેને અલગ અલગ ખાવાથી આટલા બધા ફાયદા થતાં હોય છે, તો એનું એક સાથે સેવન કરવાથી સ્વાસ્થ્યને કેટલો ફાયદો થઈ શકે છે એની કલ્પના જ કરવી રહી. લસણ અને મધ બંને ઘણા જરૂરી પોષક તત્વોથી ભરપૂર છે અને આ જ કારણ છે કે તેને ખાવાથી શરીરને પુષ્કળ લાભ મળી શકે છે. જો તમે ખાલી પેટે લસણ અને મધનું એક સાથે સેવન કરો છો, તો તમારી અનેક સ્વાસ્થ્યની સમસ્યાઓ દૂર થઈ જાય છે. આવું એટલા માટે છે કારણ કે તેમાં બળતરા વિરોધી ગુણધર્મો છે, જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાનું કામ કરે છે. આટલું જ નહીં, તેનું એકસાથે સેવન કરવાથી હૃદય સંબંધિત ઘણી ગંભીર બીમારીઓ પણ દૂર થઈ શકે છે. ચાલો જાણીએ કે દરરોજ સવારે ખાલી પેટે લસણ અને મધનું સેવન કરવું જોઈએ. ખાલી પેટે લસણ અને મધ ખાવાના ફાયદાઃ વજન ઘટાડવામાં છે મદદરૂપ, હા, બરાબર વાંચ્યું તમે. જો તમે પણ સતત વધતા વજનથી પરેશાન છો, તો તમારે દરરોજ સવારે ખાલી પેટ લસણ અને મધનું સેવન શરૂ કરવું જોઈએ, કારણ કે આને કારણે ચયાપચયની ક્રિયા ઝડપી બને છે અને તેથી જ વજન અથવા સ્થૂળતા ઘટાડવામાં મદદ પણ મળે છે. હાર્ટને રાખે છે સ્વસ્થ, લસણ અને મધનું એકસાથે સેવન કરવાથી હૃદયને સ્વસ્થ રાખવામાં ઘણી મદદ મળે છે. હાર્ટ પેશન્ટે આ બંને વસ્તુઓનું દરરોજ એકસાથે સેવન કરવું જોઈએ. ઈમ્યુન સિસ્ટમને બનાવે છે સ્ટ્રોન્ગ, જો તમારી પણ રોગપ્રતિકારક શક્તિ નબળી છે તો હવે જરાય ચિંતા ન કરો અને તરત જ લસણ અને મધનું એકસાથે સેવન કરવાનું શરૂ કરી દો, આને કારણે તમારી ઈમ્યુન સિસ્ટમ મજબૂત બનશે.

# છેતરાઈ ગયા છીએ એવું જાણ્યા બાદ આવેલું ડહાપણ શું કામનું?

તમને ક્યારેય એવું લાગે છે કે તમે સંબંધમાં છેતરાઈ રહ્યા છો? તમારા ગમતાં લોકો જ તમારી સાથે ગેમ રમી રહ્યા છે? શું તમારી લાગણીઓનો સામે પક્ષે ઉપયોગ થઈ રહ્યો છે? જો હા, તો આ લેખ તમારા માટે જ છે. આપણાં મનગમતાં સંબંધો મનને ઉઝરડા આપી રહ્યાની જાણ હોવા છતાં એને નથી છોડી શકતાં, કારણ કે કેટલાક સંબંધો હોય જ છે એવા કે નથી તોડી શકાતાં કે નથી એનાથી દૂરી સહન થતી. આ સંબંધ એકાંતમાં જેટલી તકલીફ આપે છે એટલી તકલીફ જાહેરમાં પણ અન્ય કોઈ સંબંધ થકી નથી મળતી. આ જાણતા હોવા છતાંય આપણે જાણીજોઈને આપણી જાતને ખાડામાં નાખીએ છીએ અને પછી અન્ય પર દોષારોપણ કરીએ છીએ. હકીકતમાં અહીં ખામી આપણામાં છે, તકલીફ આપણી છે કે આપણે પરિસ્થિતિ પ્રમાણે ઢળી નથી શકતાં. સામેવાળાને જ્યાં સુધી આપણે યુઝફૂલ હતાં ત્યાં સુધી એના માટે આપણે ટોપ મોસ્ટ પ્રાયોરિટીમાં હતાં, પણ જેવા આપણે નકામાં બની ગયાં અથવા તો એ વ્યક્તિ આપણાથી ઉબાઈ ગઈ એટલે તરત જ સંબંધમાં વળતાં પાણી શરૂ થાય છે અને એ પણ એમની સાઈડથી, કારણ કે આપણું સ્ટેન્ડ તો ક્લીયર હોય છે. કંઈપણ થાય આપણે તો બસ નિભાવવું જ છે. આપણે તો મહાન બનીને, દર્દ સહન કરીને, કોઈપણ ભોગે એ વ્યક્તિ સાથેના સંબંધ જાળવી રાખવા છે. આ બાબત



સામેવાળી વ્યક્તિ જાણતી હોય છે અને આપણી નબળાઈનો ફાયદો ઉઠાવીને છેતરવા માટે આ જ વસ્તુનો ઉપયોગ કરતી હોય છે. આ સૌથી મોટી ભૂલ સાબિત થાય એ પહેલાં જે તે સંબંધને તોડી નાખતા શીખવું એ આજના સમયની જરૂરિયાત બની ગઈ છે. ઉપયોગ કર્યા બાદ ફેંકાઈ ગયા છીએ એવું જાણીને આવેલું ડહાપણ શું કામનું? લાભ ઉઠાવાઈ ગયા બાદ બિન્દાસ્ત રહીને પણ શું ફેર પડશે? બધી બાજુએથી લૂંટાઈ ગયાં પછી દિલના દરવાજે તાળું મારવાનો શું મતલબ? બે કોડીના લોકો કે જેને આપણી લાગણીની નથી પડી હોતી, એ આપણી લાગણી સાથે રમી જાય એવા મૂર્ખ બનવા કરતાં એના માટે નકામાં બનવું વધુ સારું. પાત્રતા વગર એક મિનિટ પણ કોઈના માટે ન બગાડીને એ એક મિનિટ વાહિયાત કામમાં ઈન્વેસ્ટ કરવી સારી. જ્યાં કામ પૂરું થયાં પછી એના નિયરેસ્ટ ઝોનમાં રહેવા માટેની કાકલૂદી કરવા કરતાં આપણા ખુદના ઝોનમાં આપણી જાત સાથેનો સંવાદ વધુ બેસ્ટ રહે. કોઈપણ માટે એટલા સસ્તાં પણ ન બનીએ કે લોકો સાવ મફતમાં માગી જાય. આપણા એક એક શબ્દની વેલ્યૂ હોવી જોઈએ. આપણી એક એક મિનિટ જ્યાં ઈન્વેસ્ટ કરીએ છીએ એનું રિટર્ન મળવું જોઈએ. આપણી યાદોમાં જેનું સ્થાન કાયમ છે એની નજરમાં આપણું સ્થાન ઊંચું હોવું જરૂરી છે. જો એમ નથી તો આવો સંબંધ આપણા માટે વોર્નિંગ બેલ સમાન છે, પણ આપણા બધાની તકલીફ એ છે કે આપણને સતત કોઈની હાજરી જોઈએ છે. આપણે સતત કોઈનો સાથ ઝંખીએ છીએ. અન્ય સામે આપણે કેટલાં કાબિલ અને જ્ઞાની છીએ એ પ્રદર્શિત કરવા માગીએ છીએ અને આમ કરવાનું રીઝન એ છે કે આપણને સતત કોઈનું એટેન્શન મળી રહે એ ગમતું હોય છે. એ મેળવવા માટે થઈને કોઈ આપણી સાથે ખોટી હમદર્દી બતાવી જાય તો પણ એ ઓળખવાની ક્ષમતા આપણે ગુમાવી દીધી હોય છે. આપણા દિલને પેમ્પર કરવાવાળું ન હોય તો જાણે હાર્ટએટેક આવે એ હદે નાસીપાસ થઈ જતાં હોઈએ છીએ. અરે થોડાંક સમય માટે પણ એકલું રહેવાનું થાય તોય જાણે ગમગીનીની ચાદરમાં લપેટાઈ ગયાં હોઈએ એવી લાગણી થાય છે. આપણને કોઈ છેતરી ગયું, આપણો ઉપયોગ થઈ ગયો, આપણી સાથે ગેમ રમાઈ ગઈ, આવું કહેતાં પહેલાં વિચારવું કે આમ કરવાનો અધિકાર આપનાર આપણે જ હતાં. એ વ્યક્તિ આપણી મરજીથી આગળ વધી હતી.

BOLLYWOOD NEWS FLASH

## મલાઈકા સાથે લગ્ન કરવાને લઈને અર્જુન કપૂરે કરી ચોખવટ



| મુંબઈ, તા.૧૫ |

મલાઈકા અરોરા અને અર્જુન કપૂર છેલ્લા ઘણા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. શરૂઆતમાં આ બંને પોતાના સંબંધો દુનિયાથી છુપાવી રહ્યા હતા પરંતુ થોડા સમય પછી બંનેએ એકબીજા પ્રત્યેના પ્રેમને ખુલીને સ્વીકાર કરી લીધો. જ્યારથી બંનેએ એકબીજા સાથેના સંબંધોને સ્વીકાર્યા છે ત્યારથી તેમના લગ્નને લઈને પણ અવારનવાર ચર્ચાઓ થતી રહે છે. તેવામાં તાજેતરમાં જ કોફી વીથ કરનના એક એપિસોડમાં અર્જુન કપૂરે મલાઈકા અરોરા સાથેના સંબંધો અંગે ખુલીને વાત કરી હતી. આ એપિસોડમાં અર્જુન કપૂરે તેમના લગ્ન વિશે પણ ચર્ચા કરી હતી. કોફી વીથ કરન શોમાં અર્જુન કપૂર આદિત્ય રોય કપૂર સાથે પહોંચ્યો હતો. આ એપિસોડમાં જ્યારે કરણ જોહરે અર્જુન કપૂરને પૂછ્યું કે મલાઈકા તેના કરતાં નવ વર્ષ મોટી છે અને તેમના સંબંધોને લઈને ઘણી વખત ઓનલાઈન નેગેટિવિટી જોવા મળે છે, આ નેગેટિવિટીની કેવી અસર તેમના પર પડે છે, આ પ્રશ્નના જવાબમાં અર્જુન કપૂરે કહ્યું હતું કે લોકોના ટ્રોલ કરવાથી તેમને કોઈ ફરક નથી પડતો. લોકો નેગેટિવ કોમેન્ટ એટલે કરતા હોય છે કે તેમને અન્ય લોકોનું અટેન્શન જોતુ હોય છે. આ એપિસોડમાં આગળ કરન જોહર અર્જુન કપૂરને મલાઈકા અરોરા સાથે લગ્ન કરવા અંગે પૂછે છે. જવાબમાં અર્જુન કપૂર વાત વાતમાં એ વાતનો ઈશારો કરી દે છે કે તે મલાઈકા સાથે લગ્નની લઈને યોગ્ય સમયે વાત કરશે. આ વાતથી કરણ જોહર પણ આશ્ચર્યચકિત થઈ જાય છે અને તેને ફરીથી પુછે કે તે ખરેખર લગ્ન કરવા માંગે છે ? તો અર્જુન કપૂરે જણાવ્યું હતું કે તેને લાગે છે કે આ સૌથી સન્માનની વાત છે જ્યારે તેઓ એવી સ્થિતિમાં પહોંચશે ત્યારે આ બાબતે વાત કરશે. અત્યારે તે રિલેશનશિપ માં ખુશ છે. સંબંધમાં આ કમ્ફર્ટ સુધી પહોંચવા માટે પણ તેમણે ઘણી જ સ્ટ્રગલ કરી છે.

## ડિસ્કો ડાન્સર ૧૦૦ કરોડની કમાણી કરી શકે તેવો વિશ્વાસ જ ન હતો

| મુંબઈ, તા.૧૫ |

ડિસ્કો ડાન્સર એ પ્રથમ ભારતીય ફિલ્મ હતી જેમણે વિશ્વભરમાં રૂ. ૧૦૦ કરોડનું કલેક્શન કર્યું હતું. આ આંકડો જોઈને ફિલ્મના લીડ એક્ટર મિથુન ચક્રવર્તી પણ ચોંકી ગયા હતા. મિથુનને વિશ્વાસ ન હતો કે તેની ફિલ્મે આટલી કમાણી કરી છે. મિથુને કહ્યું કે આજના સમયમાં ૧૦૦ કરોડની કમાણી કરતી ફિલ્મોને ફ્લોપ માનવામાં આવે છે. થોડા સમય પહેલાં સુધી તો ૫૦ થી ૫૫ કરોડ રૂપિયાનું કલેક્શન કરતી ફિલ્મો હિટ ગણવામાં આવતી હતી, જો કે હવે એવું રહ્યું નથી. તમને જણાવી દઈએ કે ફિલ્મ ડિસ્કો ડાન્સર ૧૯૮૨માં રિલીઝ થઈ હતી. તેમણે ભારત કરતાં વિદેશમાં વધુ કલેક્શન કર્યું હતું. આ ફિલ્મ સોવિયેત યુનિયન અને મધ્ય પૂર્વના દેશોમાં ખૂબ લોકપ્રિય બની હતી. બોલિવૂડ હંગામા સાથે વાત કરતા મિથુન ચક્રવર્તીએ કહ્યુંકે, જો કોઈ ફિલ્મ કોઈ પણ ક્ષેત્રમાં ૩ થી ૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કરે છે તો તેને બ્લોકબસ્ટર માનવામાં આવે છે. જો તમામ પ્રદેશોની સંખ્યા ઉમેરવામાં આવે તો આ આંકડો ૫૦-૫૫ કરોડ સુધી પહોંચે છે, જે ખૂબ જ આશ્ચર્યજનક છે. જો કે, આજના સમયમાં ૧૦૦ કરોડની કમાણી કર્યા પછી પણ ફિલ્મોને હિટનો ટેગ નથી મળતો. આ આંકડાઓ જોઈને ફિલ્મ મેકર્સ એટલા ખુશ નથી.



## દિવ્યાંકાને કહેવાયું હતું કે ફિલ્મ કરવી છે એક શરત છે

| મુંબઈ, તા.૧૫ |



ફિલ્મો હોય કે ટીવી, દરેક અભિનેતાને પોતાની કારકિર્દીની શરૂઆતમાં ઘણો સંઘર્ષ કરવો પડે છે. પોતાની ઓળખ બનાવવા માટે ઘણી વખત તેમને એવા લોકોનો સામનો કરવો પડે છે જેને તેઓ ક્યારેય ભૂલી શકતા નથી. આ લોકપ્રિય ટીવી અભિનેત્રીએ પણ ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. પરંતુ દરેકની ચહેતી પુત્રવધૂને વાસ્તવિક જીવનમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. તે પ્રખ્યાત ટીવી અભિનેત્રી જેણે તેની કારકિર્દીમાં આવી ઘણી સિરિયલોમાં કામ કર્યું હતું જે ખૂબ જ લોકપ્રિય બની હતી. જો આપણે તેમના દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાઓ વિશે વાત કરીએ તો, આજે લોકો તેમને તેમના નામ કરતાં તેમના પાત્રોથી વધુ ઓળખે છે. વાસ્તવિક જીવનમાં પણ ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. કાસ્ટિંગ કાઉચનો પણ સામનો કરવો પડ્યો. પ્રેમમાં છેતરાયા બાદ તેણે સાચો જીવન સાથી પસંદ કર્યો. ટીવી ઈન્ડસ્ટ્રી પર દોઢ દાયકાથી વધુ સમયથી રાજ કરી રહેલી આ અભિનેત્રી અન્ય કોઈ નહીં પણ દિવ્યાંકા ત્રિપાઠી છે. એક સમયે પોતાના શોથી ટોપ પર રહેનારી દિવ્યાંકા આ દિવસોમાં મુશ્કેલીમાં છે. અભિનેત્રી ૨૦૧૯ થી કોઈ મોટા શોમાં જોવા મળી નથી. જોકે હવે તેણે વેબ સિરીઝમાં પણ હાથ અજમાવવાનું શરૂ કરી દીધું છે.

## ખુશી કપૂરે ઈબ્રાહિમ અલી ખાન સાથે એક ફિલ્મ સાઈન કરી છે

| મુંબઈ, તા.૧૫ |

દિવંગત અભિનેત્રી શ્રીદેવી અને બોની કપૂરની નાની દિકરી ખુશી કપૂરે તાજેતરમાં ધ આર્ચીઝથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું છે. ખુશીની આ ફિલ્મ OTT પ્લેટફોર્મ પર રિલીઝ થઈ હતી અને ફિલ્મમાં તેની એક્ટિંગના ખૂબ વખાણ થઈ રહ્યા છે. આ બધાની વચ્ચે સમાચાર આવી રહ્યા છે કે ખુશીના હાથમાં બીજી મોટી ફિલ્મ આવી ગઈ છે અને તે આ ફિલ્મમાં સારા અલી ખાનના ભાઈ અને સૈફ અલી ખાનના પુત્ર ઈબ્રાહિમ અલી ખાન સાથે રોમાન્સ કરતી જોવા મળશે. ખાસ વાત એ છે કે આ રોમ-કોમ ફિલ્મના મેકર કરણ જોહર છે. પિંકવિલાના અહેવાલ મુજબ, એક સૂત્ર પાસેથી માહિતી મળી છે કે ઈબ્રાહિમ અલી ખાન અને ખુશીએ એક ફિલ્મ સાઈન કરી છે અને આ પ્રોજેક્ટનું શૂટિંગ આવતા વર્ષે શરૂ થશે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ સીધી ડિજિટલમાં રિલીઝ થશે. અહેવાલ અનુસાર, સૂત્રએ જણાવ્યું હતું કે, "તેમની ડિજિટલ વિંગ, Dharmatix દ્વારા નિર્મિત ડાયરેક્ટ-ટુ-ડિજિટલ પ્રોજેક્ટ તરીકે તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ફિલ્મનું શૂટિંગ આવતા વર્ષે શરૂ થશે અને તેનું નિર્દેશન શૌના ગૌતમ કરશે. નિર્માતાઓ સ્ટ્રીમિંગ અધિકારો માટે અગ્રણી OTT પ્લેયર સાથે વાતચીત કરી રહ્યા છે. "જો કે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. દિગ્દર્શક તરીકે પદાર્પણ કરવા તૈયાર રહેલી શૌના ગૌતમે કેટલાક મોટા બેનરની બોલિવૂડ ફિલ્મોમાં એડી તરીકે કામ કર્યું છે. આ વર્ષની શરૂઆતમાં, તે રોકી ઔર રાની કી પ્રેમ કહાની સાથે સંકળાયેલી અને ૨૦૧૮ માં તે રાજુ હિરાનીના માર્ગદર્શન હેઠળ AD તરીકે રણબીર કપૂર સ્ટારર સંજુનો ભાગ હતી. સૈફ અલી ખાનનો દીકરો ઈબ્રાહિમ અલી ખાન પહેલેથી જ તેના અભિનયના ડેબ્યૂ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે ઈબ્રાહિમ કાજોલ સાથે એક રોમાંચક ફિલ્મમાં જોવા મળશે.



## અંગદ બેદીની સાથે સુખી લગ્ન જીવન માણી રહેલી નેહા ધૂપિયા

| મુંબઈ, તા.૧૫ |

નેહા ધૂપિયા બોલિવૂડની ટોચની અભિનેત્રીઓમાંની એક રહી છે. 'કયામતઃ સિટી અંડર થ્રેટ', 'દે દનાદન'થી લઈને 'ચુપ ચૂપ કે' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. જોકે, નેહા તેની પ્રોફેશનલ લાઈફ કરતાં તેના અંગત જીવન માટે વધુ હેડલાઈન્સમાં રહી હતી. અંગદ બેદી સાથે સુખી લગ્ન જીવન માણી રહેલી નેહા ધૂપિયા એક સમયે તેના લગ્નને લઈને ચર્ચામાં હતી. નેહાએ અચાનક અંગદ બેદી સાથે લગ્ન કરવાનો પ્લાન બનાવી લીધો હતો, જેનું કારણ પહેલા તો સામે આવ્યું નહોતું, પરંતુ જ્યારે આ વાત સામે આવી તો બધા ચોંકી ગયા. નેહા ધૂપિયાએ ૨૦૧૮માં અંગદ બેદી સાથે ગુપ્ત રીતે લગ્ન કર્યા અને તે જ વર્ષે તેમની પુત્રી મેહર બેદીનો પણ જન્મ થયો. પુત્રીના જન્મ પહેલાં જ ખબર પડી હતી કે નેહાએ અંગદ બેદી સાથે લગ્ન કરવાનો નિર્ણય તેની પ્રેગ્નન્સીને કારણે લીધો હતો. નેહાએ એક ઈન્ટરવ્યુમાં લગ્ન પહેલાં પ્રેગ્નન્ટ થવાની વાત કરી હતી અને તેના પેરેન્ટ્સની પ્રતિક્રિયા શું હતી તે જણાવ્યું હતું.





**ઓમકાર સિંહ ચૌહાણ - સંતરામપુર, તા.૧૫**

કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે સંતરામપુર નગરપાલિકા ટાઉનહોલ ખાતે આયોજિત મહીસાગર જીલ્લા પંચાયત, સંતરામપુર તાલુકા પંચાયત અને પશુ દવાખાના દ્વારા તાલુકા કક્ષાની પશુપાલન શિબિર તેમજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં પશુપાલક ખેડૂતો અને મહિલાઓને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી તેમજ માર્ગદર્શન આપ્યું.

# પશુપાલન થકી અનેક પરિવારો આર્થિક રીતે આત્મનિર્ભર બન્યા છે

**। સંતરામપુર, તા.૧૫ ।**

ગુજરાત સરકારની ખેડુત, કૃષિ અને પશુપાલન ક્ષેત્ર માટેની લાભદાયક નીતિઓ તથા યોજનાઓને લીધે સહકાર, ડેરી તથા પશુપાલન ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રાજ્ય બન્યું છે અને તેના દ્વારા હજારો પરિવારોને રોજગારી પ્રાપ્ત થઈ છે. ત્યારે આ કાર્યક્રમ મા સાથે સંતરામપુર તાલુકા વિકાસ અધિકારી જેમિની બેન પટેલ, સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, સંતરામપુર મામલતદાર શ્રી, રથના ઈન્ચાર્જ શ્રી ભરતભાઈ પટેલ, સહીત અધિકારી ગણ, સ્ટાફ ગણ, અને મોટીસંખ્યામાં, ગ્રામજનો, તેમજ કર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વસો તાલુકા સેવા સદન ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ વેચાણ કેન્દ્રની શરૂઆત



**। નડિયાદ, તા.૧૫ ।**

રાજય સરકારના પ્રાકૃતિક ખેતી અભિયાન અંતર્ગત પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપ વાના ઉમદા આશયથી તાલુકા સેવાસદન, વસોના કમ્પાઉન્ડમાં તાલુકા વહીવટી તંત્ર-વસો, આત્મા પ્રોજેકટ ખેડા અને ખેતીવાડી વિભાગના સંયુક્ત ઉપક્રમે ‘‘પ્રાકૃતિક કૃષિ હાટ’’ ખુલ્લું મુકવામાં આવ્યું. જેમાં વસો તાલુકાના મલીયાતજ, અલીન્દ્રા, ખાંધલી, દેવા વાંટા વગેરે ગામોના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા ઝેરી રસાયણ મુકત અને પ્રાકૃતિક પધ્ધતિથી ઉત્પાદિત ખેત પેદાશ અને શાકભાજીનું વેચાણ કરવામાં આવ્યું. જેમાં ધાન્ય પાક- ૪૫ કિ.ગ્રા., શાકભાજી- ૫૧ કિ.ગ્રા. તથા ફળપાક-૦૮ કિ.ગ્રા.નું વેચાણ કરી હાજર ખેડૂતોને અંદાજીત રૂા.૬,૨૩૫/- જેટલી આવક થયેલ છે. આ પ્રાકૃતિક કૃષિ હાટને ખૂબ સારો પ્રતિસાદ મળેલ છે. આ પ્રાકૃતિક કૃષિ હાટનું વસો તાલુકા સેવા સદન ખાતે દર ગુરુવારે સવારના ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી આયોજન થનાર છે.

આ પ્રસંગે નાયબ બાગાયત અધિકારીશ્રી-નડીયાદ, મામલતદારશ્રી-વસો, તાલુકા વિકાસ અધિકારી–વસો, મદદનીશ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)-નડીયાદ, ખેતીવાડી તથા આત્મા પ્રોજેકટ, ખેડાના કર્મચારીઓ તથા મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીના કર્મચારીશ્રીઓ હાજર રહયા હતા.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીમાં સરદાર પટેલ સાહેબની પુણ્યતિથિ નિમિતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે



**। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૫ ।**

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાના માર્ગદર્શન થી તાલીમ વર્ગ ખાતે સરદાર પટેલ સાહેબની પુણ્યતિથિ નિમિતે શ્રદ્ધાંજલિ આપી હતી. તેમને જણાવ્યું હતું કે સરદારભાઈ પટેલનું નામ સાંભળતાની સાથે જ જાણે કે આપણે એક પ્રકારનો ગર્વ અનુભવીએ છીએ. આપણા લોક લાડીલા અને આઝાદીના ચળવળમાં મહત્વનો ભાગ ભજવનાર સરદાર વલ્લભભાઈ પટેલને આપણે આજે આટલા વર્ષો પછી પણ ભૂલી શકીએ તેમ નથી.કેમકે તેમને જે અમૂલ્ય યોગદાન આપેલ છે આપણા દેશ માટે તેને આપ ણે કેવી રીતે ભૂલી શકીએ! લોખંડી પુરુષ સરદાર પટેલનો જન્મ નડિયાદ ખાતે સામાન્ય ખેડૂતના ઘરમાં થયો હતો. ગાંધીજીથી પ્રભાવિત થઈ આઝાદીની ચળવળમાં જોડાઈ ગયા હતા.૧૯૪૨ માં ગાંધીજીએ ભારત છોડો આંદોલન કર્યું તેમાં બ્રિટિશ સરકારની વિરુદ્ધ વલ્લભભાઈ તેમની સાથે હતા. તેઓ જ્યારે જેલમાં હતા ત્યારે તેમના માતાપિતાનું મુત્યુ થયું ત્યારે સહેજ પણ નહોતા ડગ્યા. તેઓનું આજ દિવસે એટલે ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ માં તેમનો દેહવિલય બોમ્બેમાં થયો. તે સમયે જાણે કે ગુજરાતના મહાન યોદ્ધા ગુમાવ્યાનો આઘાત લાગ્યો હતો. ગુજરાતમાં આવા મહાન પુરુષો પહેલા પણ હતા અને આજે પણ છે અને તથા આવશે પણ બીજા સરદાર વલ્લભભાઈ પટેલ ક્યારે મળશે તે ખબર નથી. આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રો ખાતે સરદાર સાહેબની પુણ્યતિથિ નિમિતે શ્રધ્ધાંજલિ આપી હતી.

# ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા વાંવદા ગામે વનલક્ષ્મી યોજના અંતર્ગત પાણીની ટાંકી અને અનાજ ઉપણવાના પંખા વિતરણ કરાયા

**। નાંદોદ, તા.૧૫ ।**



સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સ્વાયત સંસ્થાઓ/લોક સહકારથી વનોનું પુનઃનિર્માણ કરવાની યોજના અંતર્ગત વન વિભાગ દ્વારા સહભાગી વન વ્યવસ્થા સમિતિઓને પ્રતિવર્ષ જંગલ કામદાર મંડળીઓને ફાળવવામા આવતાં કુપો થકી ઉત્પાદન થયેલ લાકડાની હરાજીથી વેચાણ બાદ, સરકારશ્રીને થયેલ ચોખ્ખી ૮૦ % આવકની રકમ સામે ૨૦ % રકમ ભૌતિક સ્વરૂપ માં સાંકળી લઈ ‘‘વન લક્ષ્મી’’ અભિયાન શરૂ કરવામા આવ્યું છે.

‘‘વન લક્ષ્મી’’ યોજના થકી ગામોમાં સામુહિક વિકાસના લાભો જેવા કે, જમીન લેવલીંગ, સિંચાઈ માટે લીફ્ટ ઈરીગેશન, દુધાળા પશુ ગાય અને પીવાના પાણીની સુવિધાઓ જેવી સામુહિક ગામ વિકાસના કામો કરવામા આવે છે. આજરોજ વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આહવા તાલુકાના વાંવદા ગામમા વનલક્ષ્મી કાર્યક્રમ અંતર્ગત પાણીની ટાંકી/અનાજ ઉપણવાનાં પંખાનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. ડાંગ જિલ્લાના જંગલ વિશે માહિતગાર કરતા શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, મહારાષ્ટ્રને અડીને આવેલ ડાંગ જિલ્લામા જંગલની જાળવણી થયેલ છે. જેના કારણે આજે અહિ પ્રવાસન પણ વિકસીત થયેલ છે. આ જંગલ જ આપણા જિલ્લાની ઓળખ છે ત્યારે જંગલની જાળવણી માટે સૌના સહિયાર પ્રયાસ જરૂરી છે. સાથે જ જંગલની ઉપજમા સહકાર આપવા ગ્રામજનોને શ્રી વિજયભાઈ પટેલે અનુરોધ કર્યો હતો.

# સરકારી ખેતીવાડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા-વઘઈ ખાતે તાલુકા કક્ષાના ‘યુવા મતદાર મહોત્સવ’ની ઉજવણી કરાઇ

**। ડાંગ, તા.૧૫ ।**



ડાંગ જિલ્લાના વઘઈ ખાતે આવેલ સરકારી ખેતીવાડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે તાલુકા કક્ષાના ‘યુવા મતદાર મહોત્સવ-૨૦૨૩’ની ઉજવણી કરવામાં આવી હતી. ચુંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ ઉજવણીના ભાગરૂપે ‘‘આવો ચુંટણી પ્રક્રિયાને સમાવિષ્ટ સુગમ અને સહભાગી બનાવીએ’’ થીમ પર શાળાઓમા ઉજવણી કરવામા આવી હતી. જેમાં સરકારી ખેતીવાડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓ દ્વારા ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તેમજ મતદાર જાગૃતિ અંગે માર્ગદર્શન કરી સહી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમા શાળાના આચાર્ય શ્રી કેતનભાઈ ગવળીના માર્ગદર્શન હેઠળ શિક્ષકો શ્રીમતી કે.વાય.સોલંકી તથા શ્રી જી.એન.પટેલ દ્વારા ચિત્ર, અને નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શાળાનાં નોંધપાત્ર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ આપી ભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ઉપરાંત ‘યુવા મતદાર જાગૃતિ’ અંતર્ગત સહી ઝુંબેશનો કાર્યક્રમ કરી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને મતદાન પ્રક્રિયા કઇ રીતે થાય તેની સમજ આપવામાં આવી હતી. પ્રિસાઈડીંગ ઓફિસર, આસી. પ્રિસાઈડીંગ ઓફિસર તેમજ પોલીંગ ઓફિસરની ચુંટણી દરમ્યાન કઇ કઇ ફરજો હોય છે, તેની સમજ આપવામાં આવી હતી.

# કડધરાની પ્રાથમિક શાળાના નવનિર્મિત વિદ્યાભવનનું ધારાસભ્યશ્રી શૈલેષભાઈ મહેતાના હસ્તે લોકાર્પણ



**। વડોદર, તા.૧૫ ।**

રાજ્ય સરકાર દ્વારા સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત રૂ. ૯૦ લાખના ખર્ચે નવનિર્મિત થયેલ ડભોઈ તાલુકાની કડધરા પ્રાથમિક શાળાના વિદ્યાભવનનું ધારાસભ્યશ્રી શૈલેષભાઈ મહેતાએ જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી અશ્વિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું. લોકાર્પણ પ્રસંગે ધારાસભ્યશ્રી શૈલેષભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવા માટે અનેકવિધ પગલા લીધા છે. એક પણ બાળક અભ્યાસથી વંચિત ન રહે તે માટે શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ, ગુણોત્સવ જેવા અભિયાનો હાથ ધર્યા છે. જેના પરિણામે શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો છે.

આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી જિજ્ઞેશભાઈ વસાવા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ તડવી, મદદનીશ કલેક્ટરશ્રી યોગેશ કાપસે, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી રાકેશ વ્યાસ, શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રકૃતિના ખોળે વસતા જુનારાજના પ્રકૃતિપ્રેમીઓ સુધી પહોંચી વિકસિત ભારત સંકલ્પ યાત્રા

## સરકારે ગરીબોની ચિંતા કરી છે, કેન્સર અને હૃદય રોગની ગંભીર બિમારીઓમાં એક પણ રૂપિયો ખર્ચવાની જરૂર નથી : નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ

**। નવી દિલ્હી, તા.૧૫ ।**



નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખની વિશેષ ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા પ્રકૃતિના ખોળે વસતા નાંદોદ તાલુકાના જુનારાજના પ્રકૃતિપ્રેમી ગામલોકો સુધી પહોંચી હતી. નાંદોદ સ્ટેટની જુની રાજધાની અને નંદરાજાની ભૂમિ પર પ્રાથમિક અને આંતરમાળખાકીય સુવિધાથી સંપન્ન ગામના નાગરિકોને સંબોધતા ધારાસભ્યશ્રી ડો. દેશમુખે જણાવ્યું કે, આદિવાસી સમાજના લોકોના સર્વાંગી વિકાસ માટે સરકારે ૧૭ જેટલી બહુમૂલ્ય યોજનાઓ અમલી બનાવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો બેવડો લાભ મળતા આદિવાસી સમુદાયના જીવનધોરણમાં ગુણાત્મક પરિવર્તનો જોવા મળ્યા છે.

ધારાસભ્યશ્રી દેશમુખે વધુમાં ઉમેર્યુ કે, આજે કેન્સર અને હદય રોગ જેવી ગંભીર બિમારીઓમાં ગરીબ પરિવારને એક પણ રૂપિયો ખર્ચવો ન પડે તેની ચિંતા સરકારે કરી છે. વડાપ્રધાનશ્રી મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને ગરીબ વર્ગના સર્વાંગી વિકાસ થકી દેશને વિકસિત રાષ્ટ્રોની હરોળમાં લાવવા સંકલ્પબધ્ધ થયા છે ત્યારે લોકોએ પણ સજાગ બનીને સરકારની બહુમૂલ્ય યોજનાઓનો લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. આ તકે ધારાસભ્યશ્રીએ જુનારાજને પર્યટન સાથે સાંકળીને રોજગારીની નવી તકોનું સર્જન કરવા અંગેના આયોજન અંગે ગ્રામજનોને વાકેફ કર્યા હતા.

આ પ્રસંગે ગ્રામજનોએ સંકલ્પ રથના માધ્યમથી રાષ્ટ્રપતિશ્રી અને વડાપ્રધાનશ્રીનો પ્રેરક સંદેશો અને વિવિધ યોજનાઓની માહિતી અંગે શોર્ટ ફિલ્મ નિહાળી હતી. આ વેળાએ ગ્રામજનોએ વિકસિત ભારતના નિર્માણની સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌ ગ્રામજનોએ પ્રાકૃતિક ખેતીને અપનાવવા અંગે બાળકો દ્વારા પ્રસ્તુત ધરતી કરે પુકાર કે થીમ અંતર્ગત નુક્કડ નાટક નિહાળ્યુ હતું.

જુનારાજ ખાતે આયોજિત કાર્યક્રમ વેળાએ મેરી કહાની મેરી જુબાની અંતર્ગત યોજનાના લાભાર્થીઓએ પોતાના જીવનમાં આવેલા આમુલ પરિવર્તનની ફલશ્રુતી ગ્રામજનો સમક્ષ રજૂ કરી હતી. આ તકે સરપંચશ્રીને અભિલેખા પ્રમાણપત્ર અને લાભાર્થીઓને યોજનાકીય સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ગ્રામજનોએ આરોગ્ય કેમ્પનો લાભ લીધો હતો.

આ તકે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલ, સરપંચશ્રી જીગ્નેશભાઈ વસાવા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી વનિતાબેન વસાવા, સ્થાનિક અગ્રણીશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જે.કે.જાદવ, તાલુકા વિકાસ અધિકારી સુશ્રી એ.જે.ચૌધરી, સંબંધિત વિભાગના કર્મયોગીઓ, લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. પૈસા ની અછત આજે ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. નવા સંયુક્ત સાહસો તથા ભાગીદારી પર સહી-સિક્કા કરવાથી દૂર રહો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. સમજદારીપૂર્વક રોકાણ કરો. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો. નોકરી કરનારાઓને તેમની હાલની સિદ્ધિઓ બદલ તેમના સહ-કર્મચારીઓ બિરદાવશે તથા સહકાર આપશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે. પત્રવ્યવહાર તકેદારીપૂર્વક કરવાની જરૂર. દિવસ દરમિયાન તમારી તમારા જીવનસાતી સાથે બોલાચાલી થવાની શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે.

## ન્યૂઝ બ્રિફ

### ૧૭૫ કિમી દૂર ઘરમાં ઊભેલી કારના ફાસ્ટેગમાંથી પૈસા કપાયા

। નવી દિલ્હી, તા.૧૫ ।

અત્યાર સુધી તમે ટોલ નાકા પરથી કાર કે અન્ય ફોર વ્હીલરને પસાર થવા પર જ ફાસ્ટેગથી રૂપિયા કપાતા જોયા અને સાંભળ્યા હશે પરંતુ મધ્ય પ્રદેશના નર્મદાપુરમમાં એક નવો અને અનોખો મામલો સામે આવ્યો છે. ઘરની બહાર ઊભેલી એક કારનો ૧૭૫ કિમી દૂર ટોલ ટેક્સ કપાઈ ગયો. હવે ગાડી માલિકે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીને આ મામલે ફરિયાદ કરી છે. નર્મદાપુરમના માખનનગર રોડ પર રહેતા દયાનંદ પચોરીની કાર ઘરમાં બનેલી દુકાનની સામે ઊભી હતી. ૨૭ નવેમ્બરે ગાડીના ફાસ્ટેગથી લગભગ ૧૭૫ કિમી દૂર વિદિશાના સિરોન્જ સ્થિત ટોલ પ્લાઝા પર ૪૦ રૂપિયા કપાઈ ગયાનો મેસેજ આવ્યો. મેસેજ જોતા જ ટોલ પ્લાઝાના ટોલ ફ્રી ફરિયાદ નંબર પર ફરિયાદ નોંધાવામાં આવી અને ફરિયાદ કર્યા બાદ પણ કોઈ કાર્યવાહી થઈ નહીં. પીડિતે મામલા અંગે કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીના કાર્યાલયમાં કોલ કર્યો. તેમના કાર્યાલયથી પીડિતને જણાવાયુ કે સંબંધિત સમસ્યાને ઈ-મેલ આઈડી પર મેલ કરી દો. જે બાદ કાર માલિકે પત્ર લખીને ઈ-મેલના માધ્યમથી ફરિયાદ કરી છે.

### પંજાબનો પૂર્વ કોન્સ્ટેબલ ૫૦૦ ગ્રામ હેરોઈન સાથે ઝડપાયો

। તરનતારન, તા.૧૫ ।

પંજાબ પોલીસમાં ૭.૬ ફૂટ ઊંચા કોન્સ્ટેબલ જગદીપ સિંહની રાજ્ય સ્પેશિયલ ઓપરેશન સેલે તરનતારનથી ધરપકડ કરી છે. આરોપી પાસેથી ૫૦૦ ગ્રામ હેરોઈન મળ્યું છે. જગદીપ સિંહ, તેની ઉંચાઈ અને શરીર માટે જાણીતો છે, તે ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ શોમાં પણ જોવા મળ્યો છે. થોડા સમય પહેલા તેણે પંજાબ પોલીસમાં કોન્સ્ટેબલના પદ પરથી રાજીનામું આપ્યું હતું. સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલની ટીમે જગદીપ સિંહના બે સાથીઓની પણ ધરપકડ કરી છે. આરોપીઓને કોર્ટમાં રજૂ કરવાના છે. જે બાદ તેમને રિમાન્ડ પર લઈને પૂછપરછ કરવામાં આવશે. મળતી માહિતી મુજબ આરોપીઓ તેની કાર પર પંજાબ પોલીસનું સ્ટીકર લગાવીને પણ ફરતા હતા. હાલમાં રાજ્યના સ્પેશિયલ ઓપરેશન સેલરીએ આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલની ટીમને બાતમી મળી હતી કે, આરોપી હેરોઈનનો ધંધો કરે છે.

### સંસદમાં ઘૂસણખોરી કેસમાં લલિત ઝાનો ખુલાસો


# સંસદમાં ઘૂસવાનાં બે પ્લાન બનાવ્યા હોવાનો લલિત ઝાનો ખુલાસો

### સ્પેશિયલ સેલની પૂછપરછ દરમિયાન લલિતે કહ્યું છે કે તે કોઈપણ રીતે પોતાનો સંદેશ આપવા માંગતો હતો

। નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે સંસદની સુરક્ષા લેપ્સ કેસના મુખ્ય આરોપી લલિત ઝાની ધરપકડ કરી છે. સ્પેશિયલ સેલની પૂછપરછ દરમિયાન લલિતે કહ્યું છે કે તે કોઈપણ રીતે પોતાનો સંદેશ આપવા માંગતો હતો. આ માટે બે યોજનાઓ બનાવવામાં આવી હતી. જો પ્લાન એનિષ્ફળ ગયો હોત તો પણ પ્લાન બી દ્વારા સંસદનો ભંગ કરવામાં આવ્યો હોત.

વાસ્તવમાં, સંસદભવનમાં પ્રવેશ માટેના પાસ મનોરંજન ડી અને સાગર શર્માના નામ પર બનાવવામાં આવ્યા હતા, તેથી બંનેને અંદર મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પ્લાન હેઠળ અમોલ અને નીલમ ટ્રાન્સપોર્ટ ભવનથી સંસદ ભવન તરફ જવાના હતા અને સંસદની બહાર કલર સ્મોક સળગાવતા જવાના હતા.



પ્લાન બી હેઠળ, જો કોઈ કારણસર નીલમ અને અમોલ સંસદની નજીક પહોંચી શક્યા ન હતા, તો તેમની જગ્યાએ મહેશ અને કૈલાશ બીજી બાજુથી સંસદ ભવન પાસે જશે અને મીડિયાના કેમેરા સામે કલર સ્મોક સળગાવીને સૂત્રોચ્ચાર કરશે. જ્યારે મહેશ અને કૈલાશ ૧૨ ડિસેમ્બરની રાત્રે ગુરુગ્રામમાં વિક્કીના ઘરે પહોંચ્યા ન હતા, ત્યારે અમોલ અને નીલમને કોઈપણ ભોગે આ કામ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

આ પ્લાનમાં મહેશને જવાબદારી સોંપવામાં આવી હતી કે જ્યારે તે પોલીસથી છટકી જશે અને દિલ્હી છોડશે ત્યારે તેને રાજસ્થાનથી છુપાવવામાં મદદ કરશે. મહેશ મજૂરી કામ કરે છે. તમને જણાવી દઈએ કે કૈલાશ અને મહેશ પિતરાઈ ભાઈ છે. મહેશે લલિતને તેના આઈડી પર ગેસ્ટ હાઉસમાં રૂમ અપાવ્યો હતો. લલિત, મહેશ અને કૈલાશ સતત ટીવી પર આ સમગ્ર મામલાની માહિતી લેતા હતા. તમને જણાવી દઈએ કે તપાસમાં એ પણ સામે આવ્યું છે કે લલિત ઝા એ જ વ્યક્તિ હતો જે સંસદની અંદર જઈને અને બહાર વિરોધ પ્રદર્શન કરી રહેલા ચારેય લોકોના મોબાઈલ લઈને ભાગી ગયો હતો, પરંતુ હવે તેના સરેન્ડર બાદ પોલીસે લલિત અને મહેશને શોધી કાઢ્યા છે. તેની પાસેથી કોઈ મોબાઈલ ફોન મળી આવ્યો ન હતો.

ગુપ્તચર એજન્સીઓને સાગર શર્માના ઘરેથી મળેલી અંગત ડાયરીમાં લખેલી ઘણી દેશભક્તિની કવિતાઓ અને ક્રાંતિકારી વિચારો મળી આવ્યા છે. સાગરની ડાયરીના પાના પર લખ્યું છે, 'ઘર છોડવાનો સમય નજીક આવી ગયો છે. એક તરફ ડર છે અને બીજી બાજુ કંઈપણ કરવાની સળગતી ઈચ્છા છે, હું ઈચ્છું છું કે હું મારા માતા-પિતાને મારી પરિસ્થિતિ સમજાવી શકું. પરંતુ એવું નથી કે સંઘર્ષનો માર્ગ પસંદ કરવો મારા માટે સરળ ન હતો, મને દરેક ક્ષણે આશા હતી. પાંચ વર્ષ સુધી હું એવા દિવસની રાહ જોતો હતો જ્યારે હું મારી ફરજ તરફ આગળ વધીશ. દુનિયાની સૌથી શક્તિશાળી વ્યક્તિ એ નથી કે જે કેવી રીતે છીનવી લે. શક્તિશાળી તે છે જે દરેક આનંદને છોડી દેવાની ક્ષમતા ધરાવે છે.

### સંસદની સુરક્ષામાં ચૂક મામલે ખુલાસા

## લલિત ઝાએ તમામ સાથીના મોબાઈલ બાળી નાખ્યા હતા



સંસદમાં સુરક્ષા ચૂક મામલે રોજ નવા નવા ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. આ સ્મોક બોમ્બ એટેકની ઘટનાનો માસ્ટરમાઈન્ડ લલિત ઝા દિલ્હી પોલીસ સમક્ષ સરેન્ડર કરી ચૂક્યો છે. આ સૌની વચ્ચે પોલીસના સુત્રોએ જણાવ્યું કે લલિત ઝાએ રાજસ્થાનના કુચામન પહોંચ્યા બાદ તેના મિત્ર મહેશ સાથે મળીને તમામ સાથીઓના મોબાઈલ ફોન આગને હવાલે કરી દીધા હતા. ઘટના પહેલા તમામ ચાર આરોપીઓએ તેમના મોબાઈલ ફોન લલિતને સોંપી દીધા હતા જેથી મહત્ત્વપૂર્ણ વિગતો પોલીસના હાથમાં ન આવે કેમ કે આ લોકોને પહેલાથી જ ધરપકડની આશંકા હતી. જોકે દિલ્હી પોલીસે ઝાના તમામ દાવાની પુષ્ટી પણ કરી છે. ઝા પણ સંસદની બહાર સ્મોક બોમ્બ એટેક વખતે હાજર હતો અને તેણે ઘટનાના વીડિયો પણ બનાવ્યા હતા જેથી તેને શેર કરી શકે. કુચામનમાં લલિત ઝાની મુલાકાત મિત્ર મહેશ સાથે થઈ હતી અને તેણે જ ત્યાં એક રૂમ પણ અપાવ્યો હતો. આ બંનેની મુલાકાત ફેસબુકની મદદથી થઈ હતી. ઝાએ પૂછપરછમાં આ માહિતી આપી. પોલીસે કહ્યું કે લલિત ઝા પોતે જ પોલીસ સ્ટેશને આવી ગયો હતો. તેના પછી તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. હાલ તમામની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## દેશમાં દિલ્હી સૌથી વધુ ઈલેક્ટ્રિક બસ વાળું શહેર બન્યું : નવી ૫૦૦ ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી

### આ પહેલા દેશમાં આટલી મોટી સંખ્યામાં ઈલેક્ટ્રિક બસો પહેલા ક્યારેય પણ ખરીદવામાં નથી આવી

। નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હીમાં ફરી ૫૦૦ નવી ઈલેક્ટ્રિક બસો ખરીદવામાં આવી છે. એક સાથે આટલી મોટી સંખ્યામાં ઈલેક્ટ્રિક બસો આ પહેલા ક્યારેય નથી ખરીદવામા આવી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી પરિવહન નિગમના ઈન્દ્રપ્રસ્થ ડેપો પર આ બસોને લીલી ઝંડી આપી હતી.

દિલ્હી સૌથી વધારે ઈલેક્ટ્રિક બસોવાળુ શહેર બની ગયું છે. આજે દિલ્હીમાં નવી ૫૦૦ ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી આપવામાં આવી છે. નવાઈની વાત એ છે કે, આ પહેલા આટલી મોટી સંખ્યામાં ઈલેક્ટ્રિક બસો પહેલા ક્યારેય ખરીદવામાં નથી આવી. દિલ્હીના રાજ્યપાલ વિનય કુમાર સક્સેના અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી પરિવહન નિગમના ઈન્દ્રપ્રસ્થ ડેપો પર આ બસોને લીલી ઝંડી આપીને દિલ્હી પરિવહન નિગમ (ડીટીસી) માં સામેલ કરી હતી. દિલ્હી પરિવહન મંત્રી કૈલાશ ગહલોતે માહિતી આપતા જણાવ્યું હતું કે,



હવે દિલ્હીમાં કુલ ૧૩૦૦ ઈલેક્ટ્રિક બસો થઈ ગઈ છે. આટલું જ નહીં તેમણે વધુ વાત કરતાં કહ્યુ કે, દિલ્હીની કેજરીવાલ સરકારે ૬૦૦૦ બીજી ઈલેક્ટ્રિક બસો ખરીદવાનો ઓર્ડર આપ્યો છે. કેજરીવાલ સરકારનું લક્ષ્ય છે કે ૨૦૨૫ સુધીમાં દિલ્હીમાં કુલ ૧૦,૫૦૦ બસો ખરીદવાની છે, જેનાથી ૮૦ ટકા ઈલેક્ટ્રિક હશે. કૈલાશ ગહલોતે વધુ વાત કરતા જણાવ્યું હતું કે. દિલ્હીના રોડ પર હાલમાં જે લો ફ્લોર પર સીએનજી બસો ચાલી રહી છે. તે ૨૦૧૦માં કોમનવેલ્થ ગેમ્સના સમયે ખરીદવામા આવી હતી અને હવે તે બસોની રિટાયરમેન્ટનો સમય આવી ગયો છે.

### દેશની સૌથી મોટી સરકારી બેંકોનો ગ્રાહકોને મોટો આંચકો

# એસબીઆઈએ લોનના દરોમાં ૫થી ૧૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો

। નવી દિલ્હી, તા.૧૫ ।

સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ પોતાના ગ્રાહકોને આંચકો આપ્યો છે. બેંકે ધિરાણ દરમાં વધારો કર્યો છે. હવે બેંકમાંથી લોન લેવી અને લોનના હપ્તા ભરવા મોંઘા થશે. નવા દરો આજથી એટલે કે શુક્રવાર, ૧૫ ડિસેમ્બરથી અમલમાં આવી ગયા છે. એસબીઆઈએ તેના મોટાભાગના કાર્યકાળમાં તેના કાર્યકાળમાં ૫ થી ૧૦ બેસિસ પોઈન્ટ્સનો વધારો કર્યો છે.

રાતોરાત કાર્યકાળ પરનો વર્તમાન દર ૮ ટકા છે, જે છે તેવો જ રાખવામાં આવ્યો છે. આ સિવાય તમામ કાર્યકાળમાં ૫ થી ૧૦ બેસિસ પોઈન્ટ્સનો વધારો થયો છે. ૧ મહિનાના કાર્યકાળ માટે ૮.૨૦%, ૩ મહિનાના કાર્યકાળ માટે ૮.૨૦%, ૬ મહિનાના કાર્યકાળ માટે ૮.૫૫%, એક વર્ષ માટે ૮.૬૫%, બે વર્ષના કાર્યકાળ માટે ૮.૭૫% અને ત્રણ વર્ષના કાર્યકાળ




માટે ૮.૮૫% દરો છે. આ દરો આજથી લાગુ થઈ ગયા છે. તમને જણાવી દઈએ કે એમસીએલઆરએટલે કે માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ આધારિત ધિરાણ દરમાં વધારાને કારણે હોમ લોન અને ઓટો લોન મોંઘી થઈ જશે. જે ગ્રાહકો લોન માટે જાય છે તેમણે આ વધેલા દરે લોન લેવી પડશે, જ્યારે જે ગ્રાહકોએ પહેલાથી જ લોન લીધી છે તેઓએ આ વધેલા દરે આગળના હપ્તાઓ ચૂકવવા પડશે.

એમસીએલઆરમાં વધારાને કારણે લોન લેનારાઓ માટે ઈએમઆઈમોંઘી થશે. એમસીએલઆરઆધારિત લોન માટે રીસેટ સમયગાળો છે, ત્યારબાદ ગ્રાહકો માટે દરો બદલાય છે.

એસબીઆઈની સાથે અન્ય ઘણી બેંકો પણ ધિરાણ દરમાં વધારો કરી રહી છે. એસબીઆઈના ચેરમેન દિનેશ ખરાએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે ધિરાણ દરોમાં તાજેતરનો વધારો ખર્ચમાં વધારાને કારણે થયો છે અને વર્તમાનમાં ૫-૧૦ બેસિસ પોઈન્ટનો વધારો પર્યાપ્ત રીતે વધેલા ખર્ચને આવરી લે છે. આ સિવાય ખારાએ કહ્યું હતું કે એસબીઆઈની તેની ડિપોઝિટ રેટ વધારવાની કોઈ યોજના નથી. તે જાણીતું છેકે તાજેતરમાં આરબીઆઈગવર્નર શક્તિકાંત દાસની આગેવાની હેઠળની નાણાકીય નીતિ સમિતિ (એમપીસી) એ ૮ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પાંચમી વખત રેપો રેટને ૬.૫ ટકા પર યથાવત રાખ્યો હતો.

## વિશેષ

### ૬૭ મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં છોટા ઉદેપુરની દીકરીઓ રમતક્ષેત્રે ઝળકી

# આર્ચરી સ્પર્ધામાં પોતાની પ્રતિભાનો પરિચત આપતી છોટાઉદેપુરના એસ.એફ.હાઈસ્કુલની દીકરીઓ









છોટાઉદેપુર જિલ્લાની દીકરીઓ ૬૭ મી નેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૨૩-૨૪ માં ઝળકીને જિલ્લાનું નામ રોશન કર્યું છે. નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે આયોજિત ૧૪, ૧૭ અને અંડર ૧૯ ની આર્ચરી સ્પર્ધામાં જિલ્લાના ચાર રમતવીરોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં અંડર ૧૪ માં ૨ દીકરી રમતવીરોએ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે તા. ૧૮/૧૨/૨૦૨૩ સુધી ચાલનારી ૬૭મી નેશનલ સ્કૂલ ગેમ આર્ચરી (તીરંદાજી) ૨૦૨૩-૨૪ સ્પર્ધામાં અંડર-૧૪.અંડર-૧૭, અંડર-૧૯માં રમતવીરો પોતાની પ્રતિભાને પરિચય આપી રહ્યાં છે. આ ટુર્નામેન્ટમાં અંડર-૧૪ માં ૨ દીકરી અને ૧ દીકરો તથા અંડર-૧૯ માં ૧ દીકરો આમ જિલ્લાના કુલ ૪ રમતવીરોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં અંડર-૧૪ માં છોટાઉદેપુર તાલુકાના ગુનાટા ગામની ૨ દીકરીઓનો દબદબો જોવા મળ્યો હતો. ઉપરાંત અંડર-૧૪માં કુ.મનિષા રાઠવાએ વિવિધ ઈવેન્ટ્સમાં કુલ ૩ ગોલ્ડ મેડલ હાંસલ કરીને છોટાઉદેપુર જિલ્લાનું નામ રોશન કર્યું હતું. જ્યારે કુ.મનિષા રાઠવા અને કુ.અનીશા રાઠવાએ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. આ રમતવીરો છોટાઉદેપુરની એસ.એફ. હાઈસ્કૂલમાં ધો.૮ માં અભ્યાસ કરે છે.

આ તકે આર્ચરી કોચશ્રી દિનેશભાઈ ડુભીલે જણાવ્યું કે, ગોધરામાં રાજયકક્ષામાં ટોપ ૮ રમતવીરોનું નડિયાદ ખાતે ૧૦ દિવસીય પ્રિ-નેશનલ કેમ્પ રાખવામાં આવ્યો હતો. શાળાકીય રાષ્ટ્રીયકક્ષાની રમતમાં ભાગ લઈ સિલ્વર મેડલ મેળવ્યો છે. આર્ચરી આદિવાસી રમતવીરો વારસામાં મળે છે તેમને યોગ્ય માર્ગદર્શન અને કોચિંગ મળતા તેઓ પોતાની પ્રતિભાથી સૌને ચોંકાવવાની ક્ષમતા રાખે છે. આ પ્રસંગે છોટાઉદેપુરના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીએ રમતવીરોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રંસગે જિલ્લા રમત-ગમત વિકાસ અધિકારીશ્રી નડિયાદ, જિલ્લા રમત-ગમત વિકાસ અધિકારીશ્રી પંચમહાલ, જિલ્લા રમત-ગમત વિકાસ અધિકારીશ્રી પોરબંદર,જિલ્લા રમત-ગમત વિકાસ અધિકારીશ્રી છોટાઉદેપુર સહીત સ્પર્ધામાં ભાગ લેનાર રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### નાગરિક સુવિધા કેન્દ્ર હવે સાંજે ૭ વાગ્યા સુધી ખુલ્લા રહેશે

। અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ શહેરમાં આવેલ નાગરિક સુવિધા કેન્દ્રને લઈ એક મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, શહેરના તમામ નાગરિક સુવિધા કેન્દ્ર હવે સાંજે ૭ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. વિગતો મુજબ અમદાવાદ કોર્પોરેશનની ૭ ઝોનલ ઑફિસ સહિત વિવિધ વિસ્તારોમાં ૫૮ સિવિક સેન્ટરો આવેલા છે. અહીં નાગરિકોને પ્રોપર્ટી ટેક્સ ભરવા, જન્મ-મરણ સહિતના સર્ટિફિકેટ મેળવવામાં મુશ્કેલી ન સર્જાય તે માટે સુવિધા કેન્દ્રનો સમય વધારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મેટ્રો સિટી અમદાવાદમાં નાગરિક સુવિધા કેન્દ્રો એટલે કે સિવિક સેન્ટરો સાંજે સાડા ચાર વાગ્યા પછી બંધ થતા હતા. જેને લઈ નાગરિકોની અનેક ફરિયાદો અમદાવાદ મહાનગરપાલિકા સુધી પ હોંચતી ન હતી.

### કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે

। અમદાવાદ, તા.૧૫ ।

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ફરી ગુજરાત પ્રવાસે આવવાના છે. આવતીકાલથી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. તેઓ આવતીકાલે અલગ અલગ ત્રણ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. સાથે જ લોકસભા ચૂંટણીને લઈને ભાજપની રિવ્યૂ બેઠક પણ આ પ્રવાસ દરમિયાન યોજવાના છે. ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની જીત બાદ અમિત શાહ પ્રથમ વાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. અમિત શાહ આજે રાત્રે જ ગુજરાત આવી જાય તેવી શક્યતા છે. જો કે તેઓ આવતીકાલથી બે દિવસ અલગ અલગ કાર્યક્રમમાં હાજરી આપવાના છે. અમિત શાહના આવતીકાલના તમામ કાર્યક્રમો શિક્ષણ લક્ષી છે. અમદાવાદમાં મોટી સંખ્યામાં મહારાષ્ટ્રીય સમાજ રહે છે.

### અમદાવાદમાં ટ્રાફિકના નિયમનનું પાલન કરાવવા પોલીસ એલર્ટ

# ટ્રાફિક નિયમનો ભંગ બદલ ૬.૭૮ લાખ વાહન ચાલકોને પ૨.૦૬ કરોડના ઈ-મેમો ઈશ્યુ કરાયા

## ૯૯ હજાર વાહનચાલકોએ રૂ.૬.૯૮ કરોડનો દંડ ભર્યો છે જ્યારે ૫.૯૭ લાખ વાહનચાલકોએ રૂ.૪૫.૦૮ કરોડનો દંડ ભરવાનો બાકી છે

। અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદીઓ ટ્રાફિકના નિયમનુ પાલન કરવામા બન્યા બેદરકાર બન્યા હોવાનુ સામે આવ્યું છે. વિગતો મુજબ અમદાવાદીઓએ એક વર્ષમા ૭.૨૪ કરોડનો દંડ ભર્યો છે. અમદાવાદમા છેલ્લા એક વર્ષમાં ટ્રાફિક નિયમનો ભંગ બદલ ૬.૭૮ લાખ વાહનચાલકોને રૂ.૫૨.૦૬ કરોડના ઈ-મેમો ઈશ્યુ કરાયા હતા.

પરંતુ માત્ર ૯૯ હજાર વાહનચાલકોએ રૂ.૬.૯૮ કરોડનો દંડ ભર્યો છે. જ્યારે ૫.૯૭ લાખ વાહનચાલકોએ રૂ.૪૫.૦૮ કરોડનો દંડ ભરવાનો બાકી છે. અમદાવાદમાં ટ્રાફિક નિયમના ભંગ બદલ ઈ-મેમો જનરેટ કરવામાં આવે છે. જોકે વાહનચાલકો ઈ-મેમો ભરતા ન હોવાનું સામે આવ્યું છે. ઈ-મેમો ઈશ્યુ થયા પછી ૬૦ થી ૯૦ દિવસ સુધીમાં જો ઈ-મેમો ન ભરાય તો વર્ચ્યુઅલ કોર્ટમાં તે મેટર જાય છે. ત્યાર બાદ કોર્ટ તરફથી જે આદેશ કરવામાં આવે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે. આ દંડને લઈને ટ્રાફિક પોલીસ સૌથી વધુ દંડ ટુ વ્હીલર ચાલકો પાસેથી ૪.૫૬ કરોડની ઉઘરાણી કરી તો હેવી વાહનો પાસેથી ૯૮ લાખ, ફોર વ્હીલર ચાલક પાસેથી ૭૮ લાખ અને થ્રી વ્હીલર ચાલકોએ ૯૨ લાખ દંડ ચૂકવ્યો છે.અમદાવાદ શહેરમાં ૨૧૨ જંકશનો પર ૨૫૫૭ કેમેરા લગાવેલા છે. જેમાં સ્માર્ટ સિટીના ૧૩૦ જંક્શન પર ૨ ૩૦૩ કેમેરા લગાવેલા છે. જ્યારે સિટી સર્વેલન્સ અને ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ દ્રારા ૮૨ જંક્શનો પર ૨૫૪ કેમેરા લગાવવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા બે વર્ષથી આ ૮૨ જંક્શનોનો કરાર પૂર્ણ થઈ ગયો હોવાથી આ જંક્શન પર લગાવેલા કેમેરા છેલ્લા બે વર્ષથી બંધ છે. તો બીજી બાજુ ૧૩૦ જંક્શન પૈકી માત્ર ૪૫ જંક્શનો પર જ લગાવેલા ૭૨૦ કેમેરા ટ્રાફિકના નિયમોનો ભંગ બદલ બે કેટેગરીમાં સજાની જોગવાઈ છે. ઈ-મેમોની રકમ લોકો ન ભરે તો ટ્રાફિક વિભાગ મેજિસ્ટ્રેટ કોર્ટમાં મોટર વ્હિકલ એકટની કલમ ૨૦૮ મુજબ કેસ દાખલ કરે. એ પછી ૬ મહિનામાં સમન્સ કાઢવાનો હોય છે. જો કોઈ વ્યક્તિ દંડ ન ભરે તો ટ્રાફિકના ગુનામાં ૬ મહિના કે ૧ વર્ષની સજા પણ થાય. જેથી હવે લોક અદાલત દ્વારા ટ્રાફિકના નિયમનનુ પાલન નહિ કરનાર વાહન ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરવામા આવી છે. એક વર્ષમા ૭.૨૪ કરોડનો દંડ ચૂકવીને અમદાવાદીઓએ ટ્રાફિકના નિયમનને લઈને પોતાની બેદરકારી સ્પષ્ટ કરી છે. ટ્રાફિકના ૩૩ જેટલા નિયમોને લઈને દંડ વસુલ કરવામા આવે છે. હજુ પણ ઈ મેમોના કરોડો રૂપિયાના દંડ ઉઘરાવવાના બાકી છે. જેથી હવે ટ્રાફિક પોલીસે વાહન ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

### ગુજરાત લિટરેચર ફેસ્ટિવલની

## ૧૦મી આવૃત્તિ તારીખ ૨૪, ૨૫ અને ૨૬ ડિસેમ્બરના રોજ યોજવામાં આવશે




। અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ (GLF)ની દસમી આવૃત્તિ ગુજરાત મીડિયા ક્લબ (GMC) દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. તેનું ઉદ્દ્ઘાટન માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે તારીખ ૨૪ ડિસેમ્બર ના રોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે થશે. આ આવૃત્તિ ગુજરાત યુનિવર્સિટીના સહયોગથી તારીખ ૨૪, ૨૫ અને ૨૬ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ દ્વારા યોજવામાં આવશે. ગુજરાતના પત્રકારત્વ અને મીડિયાજગતની સહુથી અગ્રણી સંસ્થા - ગુજરાત મીડિયા ક્લબ - GLFને પ્રોત્સાહિત કરવા અને સમર્થન આપવા આગળ આવી છે. જી.એલ.એફ. રાજ્યમાં સૌથી લાંબા સમયથી ચાલતો અને સહુથી લોકપ્રિય સાહિત્ય ઉત્સવ છે.

www.gujlitfest.com વેબસાઈટ પર નોંધણી સાથે ફેસ્ટિવલમાં પ્રવેશ મફત છે

**સાહિત્યિક પ્રતિભાનો એક દશક**

૨૦૧૪ થી શરૂ કરીને, GLF એ ગુજરાતના સાંસ્કૃતિક માળખામાં ખુબ મહત્વનું પ્રદાન કર્યું છે. અને આજે તે સાહિત્યને સમર્પિત, વિશેષ તો ગુજરાતી ભાષા અને સાહિત્યને લાગતો સૌથી મોટા અને લોકપ્રિય કાર્યક્રમ તરીકે ઉભરી આવ્યો છે. થી મોટી સાહિત્યિક ઘટના બની છે. GLFના બહુવિધ ઉત્સવો દરમિયાન વાર્તાલાપો, પેનલ ચર્ચાઓ અને સંગીતના કાર્યક્રમોનું આયોજન થાય છે. જેમાં સાહિત્ય, સિનેમા, થિયેટર અને બાળસાહિત્ય નો સમાવેશ થાય છે. આ ઉત્સવમાં લોકપ્રિય વક્તાઓ અને કલાકારો હાજર રહેશે, જેને માણવાની સોનેરી તક પ્રેક્ષકો ને મળશે.

**બસપોર્ટ પર ખૂબ જ આધુનિક મશીન મૂકાયા**

## ગીતા મંદિર બસપોર્ટ અને નહેરુ નગર બસ સ્ટેશન પર ક્યોસ મશીન મૂકવામાં આવ્યા

। અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ શહેરનું ગીતા મંદિર બસપોર્ટ જ્યાં રોજના હજારોની સંખ્યામાં મુસાફરોની અવરજવર થાય છે. અહીં એસટી નિગમ દ્વારા પ્રવાસીઓની સુવિધામાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. જ્યારે ઓનલાઈન ટિકિટ બુક કરવાના કારણે વીન્ડો પર ભીડ ઓછી થાય છે. તેમ છતાં પણ મુસાફોરનો ટિકિટ માટે કતારમાં ઉભા ન રહેવું પડે તે માટે હવે ગીતા મંદિર બસપોર્ટ અને નહેરુ નગર બસ સ્ટેશન પર ક્યોસ મશીન મૂકવામાં આવ્યા છે. જેના કારણે મુસાફરો જાતે ટિકિટ કાઢી શકશે. મુસાફરોની સુવિધા માટે ગુજરાતી અને એગ્રેજી એમ બે ભાષા આપવામાં આવી છે. ત્યાર બાદ ક્યાંથી, ક્યાં જવાનું છે, તેમજ પોતાની વિગત અને મોબાઈલ નંબર એડ કરીને એડવાન્સ તત્કાલ ટિકિટ બુક કરી શકશો. તેમજ પેમેન્ટ પણ ઓનલાઈન કરવાનું રહેશે. આખી પ્રકિયા પૂર્ણ થયા બાદ રજીસ્ટર મોબાઈલ નંબર પર મેસેજ સાથે લિંક આવશે અને લિંક ઓપન કર્યા બાદ પીડીએફમાં ટિકિટની તમમા વિગત આવી જશે. જો ટિકિટ રદ કરવાની હશે તો પણ ઓપ્શન આપવામાં આવ્યું છે. મુસાફરો જાતે જ ટિકિટ મેળવી શકે તે માટે ગીતા મંદિર બસપોર્ટ પર મશીન મુકવામાં આવ્યું છે. જેમાં બે ભાષા રાખવામાં આવી છે. ગુજરાતી અને અંગ્રેજી. તત્કાલ, એડવાન્સ ટિકિટ બુકીંગની સુવિધા તેમજ ટિકિટ રદના ઓપ્સન સાથે ઓનલાઈન પેમેન્ટ સુવિધા છે. જેથી લોકો પોતાની રીતે વિગત ભરીને ટિકિટ બુક કરી શકશે. પહેલા સ્કિન પર ભાષાની પસંદગી કરવાની રહેશે.

## આદિવાસી સંસ્કૃતિનું જતન અને રક્ષણ કરતું છોટાઉદેપુર સંગ્રહાલય જાહેરજનતા માટે ખુલ્લુ મુકાયું



। છોટાઉદેપુર, તા.૧૫ ।

છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં સરકાર સંચાલિત એક માત્ર આદિવાસી સંગ્રહાલય સમારકામ કર્યા બાદ આજથી જાહેરજનતા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. છોટાઉદેપુર સંગ્રહાલયમાં રાઠવા, ભીલ, તડવી, નાયકડા જેવી આદિવાસી જાતિઓની ઘરગથ્થુ ચીજ-વસ્તુઓ, ઘરેણા, વસ્ત્રો, સંગીત વાદ્યો, આયુધો, કૃષિના સાધનો, માટીકામના નમૂનાઓ, કાષ્ઠના દેવ દેવીઓના પુતળા વગેરે પ્રદર્શિત કર્યા છે. જેમાં તેમના મૂળ નિવાસ સ્થાનો જેવા જ ઘરો બનાવી, તેમાં સ્ત્રી પુરુષ,બાળકોના પુતળા બનાવી તેમને ડાયોરામાઓમાં ગોઠવી તેમની જીવનશોલી દર્શાવતા આબોહોબ દ્રશ્યો સંગ્રહાલયમાં ખડા કરવામાં આવ્યા છે. કેટલાક ઘર તો વોક-ઈન-ડાયોરામાં છે. આમ આદિવાસી સંસ્કૃતિનું જતન અને રક્ષણ કરવાનો અને તે દ્વારા ચક્ષુગમ્ય શિક્ષણ આપવાનો આ સંગ્રહાલય દ્વારા ઉમદા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. સંગ્રહાલયનું સમારકામ પૂર્ણ થતા મુલાકીતઓ માટે તા.૧૫.૧૨.૨૩ના રોજથી ખુલ્લુ મુકવામાં આવ્યુ છે. સંગ્રહાલય સવારે ૧૦:૩૦ થી સાંજે ૫:૩૦ સુધી ખુલ્લુ રહેશે. દર બુધવારે તેમજ રજાના દિવસોમાં બંધ રહેશે. મુલાકાતીઓ માટે ટિકિટ ૧ રૂપિયો રાખવામાં આવી છે. આસિસ્ટન્ટ ક્યુરેટરની કચેરી છોટાઉદેપુર સંગ્રહાલયની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.







## ગોંડલ માર્કેટ યાર્ડમાં સતત બીજા દિવસે ડુંગળીના ભાવ મુદે ખેડૂતોનો વિરોધ

। રાજકોટ, તા.૧૫ ।

રાજકોટના ગોંડલ માર્કેટ યાર્ડમાં સતત બીજા દિવસે ડુંગળીના ભાવ મુદ્દે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો છે. યાર્ડમાં કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ ખેડૂતોનો ડુંગળીના ભાવ મુદ્દે સતત બીજા દિવસે વિરોધ નોંધાયો છે. જેમાં વિરોધ કરી રહેલા ૭ થી ૮ ખેડૂતોની પોલીસે અટકાયત કરી છે. રાજકોટના ગોંડલ માર્કેટ યાર્ડમાં સતત બીજા દિવસે ડુંગળીના ભાવ મુદ્દે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો છે. યાર્ડમાં કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ ખેડૂતોનો ડુંગળીના ભાવ મુદ્દે સતત બીજા દિવસે વિરોધ નોંધાયો છે. જેમાં વિરોધ કરી રહેલા ૭ થી ૮ ખેડૂતોની પોલીસે અટકાયત કરી છે. તો ગઈકાલના રોજ માર્કેટ યાર્ડમાં ૫૫૦૦૦ ડુંગળીના કટ્ટાની આવક વચ્ચે ખેડૂતોનો વિરોધ નોંધાવ્યો હતો. માર્કેટ યાર્ડના મેઈન ગેટ આગળ ડુંગળી ફેંકી ખેડૂતોએ ગેટ બંધ કરી કર્યો વિરોધ પ્રદર્શન કર્યું હોવાનું સામે આવ્યુ છે.

